॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 7 • Issue : 2 • 5th Sept., 2024 • Price : Rs. 10



પૂજ્ય શ્રીમોટાનો ૧૨૭મો જન્મદિન ઉત્સવ તા. ૨૨-૦૯-૨૦૨૪ ને રવિવાર (ફક્ત એક દિવસ)

(વધુ વિગતો ટાઈટલ પેજ નં. ૨ ઉપર આપેલ છે.)

હરિઃૐ

મારે સમાજને બેઠો કરવો છે.



હરિઃૐ

સમાજ મારો ભગવાન (દેવતા) છે.

હું સર્વત્ર વિદ્યમાન છું.

શ્રીમાન, ..........................................................................................

પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ માટે વર્ષ દરમ્યાન કુલ ચાર ઉત્સવ ઊજવવા મંજૂરી આપેલ, તેમાંથી પ્રાપ્ત થયેલ ભંડોળનો ઉપયોગ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં જ કરવો. ઉક્ત પરિપ્રેક્ષ્યને લક્ષમાં લઈને હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા **પૂજ્ય શ્રીમોટાના ૧૨૭મા જન્મદિન**નો ઉત્સવ ઊજવવા માટે અમોને યજમાન તરીકેનો મહામૂલો અવસર પ્રાપ્ત થયેલ છે, તો સર્વે સ્વજનોને આપના મિત્રવર્તુળ સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ.

**ઉત્સવના યજમાન**

## ઉષાબેન કિરણસિંહ ખેર તથા પરિવાર

**ઉત્સવનું સ્થળ**

**શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, પાર્થનગર,**
**મંજીપુરા રોડ, મંજીપુરા, નડીઆદ. જિ. ખેડા.**

**ઉત્સવ કાર્યક્રમ**

**તા. ૨૨/૦૯/૨૦૨૪, રવિવાર (સવારે)**

* સવારે ૭-૩૦ થી ૮-૩૦ ચા/કોફી, અલ્પાહાર
* સવારે ૮-૩૦ થી ૧૦-૪૫ નિત્ય પ્રાર્થના, હરિઃૐ ધૂન અને ભજનો - ભાવિક પટેલ (સુરત)
* સવારે ૧૦-૪૫ થી ૧૨-૦૦ પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન (પદ્મશ્રી ડૉ. પ્રવિણ દરજી અને ડૉ. નિરંજનભાઈ પટેલ - કુલપતિશ્રી સ. પ. યુનિ.)
* સવારે ૧૨-૦૦ થી ૧૨-૧૫ આશ્રમનો અહેવાલ, આભારવિધિ
* સવારે ૧૨-૧૫ થી ૧૨-૩૦ આરતી, ગુરૂવંદના, મહાપ્રસાદ

**નોંધ : ઉત્સવ વિશે અન્ય જાણકારી માટે સંપર્ક કરો :**

ઉષાબેન ખેર-મો. ૯૮૨૫૯ ૧૮૩૧૫ પ્રદ્યુમનસિંહ-મો. ૬૩૫૫૦ ૧૧૦૯૬
પરેશભાઈ-મો. ૯૪૦૮૯ ૨૦૭૫૭

**જરૂરી સૂચના : એકજ દિવસનો ઉત્સવ હોવાથી ઉતારાની વ્યવસ્થા રાખેલ નથી.**

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન

# હરિઃૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

વર્ષ-૭, અંક-૨ માનદ્ તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૨૦૨૪

## પહેલાં આપણે આપણું સંભાળો

પ્રભુકૃપાથી પ્રેમની ભાવનાને જીવનમાં વિકસાવી વિકસાવીને એની કૃપાથી અનુભવી જાણ્યું છે. આપણે બધાં ખાબોચિયાના કાદવમાં રગદોળાયેલાં છીએ. એવાં આપણે જ્યારે પ્રેમની સમજણની હકીકત વગેરે વિષે બોલવાનું કરીએ છીએ, પ્રેમનાં તત્ત્વનાં ટૂંપણાં ટૂંપીએ છીએ, ત્યારે તે આપણને શોભતું હોતું નથી, તેનું જ્ઞાન આપણને સવેળા થાય એવી પ્રાર્થના છે. આપણે પ્રેમને લાયક થવાને મથીએ અને તેનો સાચો ભાવ જીવનમાં પ્રકટાવીએ, તો તેથી પણ સવેળા વિકાસ થાય. પ્રેમના ભાવનું ધારણ આઘાત-પ્રત્યાઘાતના અવલંબનથી થતું હોતું નથી. તે તો સ્વયંસ્ફુરિત છે. **ખરેખરો પ્રેમ રાગદ્વેષથી સંપૂર્ણ મુક્તિવાળો છે એટલે કે દ્વંદ્વની પરની કક્ષાનો છે.** એટલે સાચો આત્મનિષ્ઠ તો સંપૂર્ણ નિઃસ્પૃહી પણ હોય છે. એટલે એને કંઈ પણ આપણા વિષે પડી હોતી નથી કે પરવા પણ નથી હોતી. આપણે એને હલાવીશું તો તે હાલશે, ને ચલાવીશું તો તે ચાલશે. **આપણે મડદાંની જેમ પડી રહીએ અને તે આપણને મદદ કરે તેવી આશા મૃગજળ સમાન છે.** તેના આપણી સાથેના કામમાં તે આપણને પ્રત્યક્ષ મદદ કરતો હોય છે, એવા કેટલાય નક્કર અનુભવો આપણને થયા કરેલા હોય છે. પરંતુ તે તો માથા ઉપરથી વહી જતા હોય છે ! તેની અસર જો પડે છે, તો તે પણ નહિવત્. અને આપણે તો પાછા ખાલી બૂમો પાડતા જ રહીએ છીએ. પહેલાં આપણે આપણું સંભાળો. ''હસતું મોં રાખો, બીજું બધું તારાપોરવાળા સંભાળી લેશે'' (એક છબીવાળાની જાહેરખબર). **તેમ આપણે ભાગે આવેલું કર્મ તેની સંપૂર્ણ યથાર્થતામાં, તેની ઉત્તમમાં ઉત્તમ રીતે પ્રેમભક્તિથી કર્યા કરીશું, તો બીજો તેને ભાગે આવેલું જરૂર સંભાળી લેશે તે નિશ્ચિતપણે જાણશોજી.** જે પોતાને ભાગે આવેલો ધર્મ સંપૂર્ણ અદાથી કરીને પાળે છે, તેને કોઈ કશાને વિષે ફરિયાદ કરવાપણું પ્રકટતું નથી.

## અણધાર્યો આનંદ

અણધાર્યો આનંદ થવાનો અનુભવ પ્રકટે ત્યારે તેનું કારણ ખોળજો. આપણા બુદ્ધિ, મન વગેરેમાં સ્થિરતા ને સમતા પ્રકટે એવી પ્રભુને પ્રાર્થના છે. આ જીવ થી એમાં કશું કોઈને કરવાપણું હોતું નથી. પ્રભુકૃપાથી હું તો નાચીજ છું. **જે પોતે ખરેખરી રીતે વિકસીને પોતાને મદદ કરતો નથી, તેને બીજાની મદદ મળતી નથી તે નક્કી જાણશોજી.**

*(જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૨૭૪-૨૭૫-૨૭૬-૨૭૭)*

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

**ટ્રસ્ટીમંડળ**

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃઊઁ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

**હરિઃઊઁ આશ્રમ, નડિયાદ**

**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિઃઊઁ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પૂજ્ય શ્રીમોટાની જીવન ઝરમર | – શ્યામલ | ૫ |
| ૨. | જન્મ સાર્થક શો થયો ! | – શ્રીમોટા | ૧૦ |
| ૩. | પરમાર્થ માટે ચરોતરી ભાષામાં મોટાની અપીલ | – શ્રીમોટા | ૧૦ |
| ૪. | ગુરૂપૂર્ણિમા-૨૦૨૪ ઊજવણી શ્રી સિદ્ધાર્થભાઈના પ્રેરક પ્રસંગો | – સિદ્ધાર્થ શાહ | ૧૧ |
| ૫. | માહ્યલાની મથામણ | – ડૉ. સુભાષ મ. દવે | ૧૫ |
| ૬. | વિદ્યાર્થીઓ પોતાની રુચિ પ્રમાણે રોજિંદો અભ્યાસ કરે | – શ્રીમોટા | ૧૪ |
| ૭. | શ્રેયાર્થી અને અનુભવી | – કાર્તિકેય ભટ્ટ | ૧૮ |
| ૮. | ગુરુ એટલે શું ? | – શ્રીમોટા | ૨૦ |
| ૯. | પૂજ્ય શ્રીમોટાનો અપ્રગટ પત્ર | – શ્રીમોટા | ૨૧ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાની ધર્મભાવના | - ડૉ. ચીનુભાઈ નાયક | ૨૪ |
| ૧૧. | શ્રદ્ધાથી એકાગ્રતા | – શ્રીમોટા | ૨૫ |


**પૂજ્ય શ્રીમોટાનો ૧૨૭મો જન્મદિન ઉત્સવ**
**તા. ૨૨-૦૯-૨૦૨૪ને રવિવાર** **વધુ વિગત પેજ નં. ૨ પર**

**હરિઃઊઁ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

| | | |
|---|---|---|
| એકાઉન્ટનું નામ | : | **હરિઃઊઁ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD |
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC કોડ | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ નીચે દર્શાવેલ વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથે અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર 10BE સર્ટી આપી શકાશે. અન્યથા કરમુક્તિ મળવાપાત્ર થશે નહિ. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**
**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**ઉપરોક્ત પદ્ધતિથી 'હરિઃઊઁ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

## ૧. પૂજ્ય શ્રીમોટાની જીવન ઝરમર - શ્યામલ

**જન્મસ્થળ અને બાલ્યકાળ :** વડોદરા જિલ્લાના **સાવલી ગામે ભાઈચંદદાસ ભાવસાર ઉર્ફે ભગતના પુત્ર આશારામનાં ધર્મ પત્ની સુરજબાની કૂખે ભાદરવા વદ ચોથ સંવત ૧૯૫૪, તારીખ ૪-૯-૧૮૯૮ને શનિવારની પરોઢમાં તેજસ્વી, ધર્મ ધુરંધર અને આધ્યાત્મિક સેવાભાવી એક બાળકનો જન્મ થયો.** તેનું મૂળ નામ તો ચૂનીલાલ રાખવામાં આવ્યું. માતા સૂરજબા તેમનો શનિવારે જન્મ થયેલ હોઈને શનિયો કહેતા તેમજ જેમને ઝીણી ઝીણી બાબતોમાં બાલ્યકાળમાં જ તર્ક કરી ખણખોદ કરવાની તથા ખાણી-પીણીની બાબતમાં ખૂબ જ સ્વાદિષ્ટ સ્વભાવને કારણે **'સ્વાદિયો'** અથવા **'ઝિણિયો'**, **'ચિકણો'** એવા સંબોધનોથી સંબોધતાં તે જ બાળક 'શ્રીમોટા' તરીકે આધ્યાત્મિક વિશ્વમાં ધ્રુવ તારક બનીને ચમકી રહ્યા છે.

શ્રીમોટાના જન્મ સમયે એ કુટુંબમાં જાહોજલાલી હતી. તેમના **દાદા ભાઈચંદ ભગતનો રંગાટી-કામ**નો ધીકતો ધંધો હતો. ધંધામાં આગવી પ્રતિષ્ઠાને કારણે કામ આપમેળે આવીને મળતું હતું. ઘેર ગાય તથા ઘોડી રાખેલી. ચોખ્ખા ઘી-દૂધની કોઈ કમી ન હતી. તમામ સુવિધાઓ તથા સુખસગવડવાળું મોટું મકાન હતું તે આજેય તેમની જહોજલાલીની સાખ પૂરતું સાવલીમાં ઊભું છે. આવી સુખ-સાહ્યબી અને લાલન-પાલનમાં શ્રીમોટાનો બાલ્યકાળ વિત્યો.

**કિશોરાવસ્થા :** બાલ્યકાળમાં સુખસાહ્યબીમાં આળોટેલ શ્રીમોટાની કિશોરાવસ્થા એટલે સાત આઠ વર્ષની ઉંમર થતાં સુધીમાં આ તમામ સાહ્યબી લુપ્ત થઈ ગઈ અને એ કુટુંબ અત્યંત ગરીબીમાં સપડાઈ ગયું. કદાચ ! એની પાછળ નિયતીનો અને સ્વયં ભગવાનનો એવો આશય હશે કે શ્રીમોટાના જીવનઘડતર માટે જરૂરી સંઘર્ષ તપસ્યાની તક પૂરી પાડવા સમૃદ્ધિ છિનવી લેવી. **શ્રીમોટાના પિતાજી આશારામ ભગત** સીધા-સાદા, ભલાભોળા, પ્રામાણિક અને અફીણના બંધાણી હતા. તેમના દાદા ભાઈચંદ ભગતના અવસાન પછી આશારામ ભગતથી ધંધો કાબેલિયતથી સંભાળી શકાયો નહિ. ઉઘરાણી વસુલ કરી શકાઈ નહિ અને ધંધાર્થે થતા ખર્ચા પેટે પેઢીએ કરેલ દેવા પેટે લેણદારોના દબાણ અને તકાજાને વશ આશારામ ભગતે ચાલુ પેઢી સુપ્રત કરીને રહેણાંકનું મકાન વેચીને દેવું ભરવું પડ્યું અને **સાવલી છોડીને કાલોલ મુકામે મોચીવાડામાં એક જ ઓરડાના ભાડાના ઘરમાં આવીને વસવું પડ્યું.** એ રીતે એમની કિશોરાવસ્થા ગરીબીમાં સપડાઈ ગઈ. કિશોરાવસ્થામાં કે જે એમને રમવાની અવસ્થા હતી તેમાં કૌટુંબિક ગરીબીને કારણે એક સમજદાર કૌટુંબિક જવાબદારીની ભાવનાથી તેમણે ઇંટવાડામાં ગરમ ઈંટો ઉપાડવાની, સ્કૂલના પટાવાળાની, પાણી ભરવાની, કડિયાકામની અને ખેતમજૂરની કાળી મજૂરી કરીને વિતાવી. કૌમાર્ય અવસ્થામાં ખાવા-પીવાની થતી તીવ્ર ઈચ્છાઓથી શ્રીમોટાએ પણ ઘરમાંથી પૈસાની ચોરી કરેલી, વાણીયાની વાડીમાંથી લાડુ ચોરેલા. પરંતુ શુદ્ધ અંતઃકરણ અને સમજદારીએ એને પશ્ચાતાપ કરાવીને અગ્નિમાં તપતાં કંચન સમ શુદ્ધ બનાવ્યા.

પિતા આશારામ ભગત પ્રત્યે મોટાને અપાર પ્રેમ હતો. પોતે પિતાને અફીણ લાવી આપતા. હૂક્કો ભરી આપતા. અને એકવાર ઘરના ઓટલે એક અજાણ્યા માણસને રાત્રે આશ્રય આપવાના કારણે પોલીસે આશારામ ભગતને થાણે લઈ જઈને મૂઢ માર મારી કોટડીમાં પૂરી દીધા ત્યારે તીવ્ર પિતૃભક્તિથી રંગાયેલા શ્રીમોટા હિંમત દાખવીને રાવસાહેબ શ્રી મનુભાઈની પાસે રાત્રે પહોંચી ગયા અને તેમની મદદથી પિતાને નિર્દોષ છોડાવી લાવ્યા હતા. તેમના પિતાશ્રી આશારામ ભગત ઈ.સ. ૧૯૧૬માં શ્રીમોટાની અઢાર વર્ષની ઉંમર થતાં સુધીમાં તો દેવલોક પામ્યા.

**અભ્યાસ :** શ્રીમોટાએ કાલોલની ઍંગ્લોવર્નાક્યુલર મિડલ સ્કૂલમાં વર્ગો વાળવાની, પાણી ભરવાની, પટાવાળાની વગેરે કામગીરી કરતાં કરતાં જ ચાર વર્ષનો અભ્યાસક્રમ દોઢ વર્ષમાં પૂરો કરી ચોથા ધોરણની સીધી પરીક્ષા આપવા માટે શિક્ષણ ઇન્સ્પેક્ટર શ્રી ચતુરભાઈ પટેલની પરવાનગીની આવશ્યકતા હતી. તે મેળવવા ચતુરભાઈની મહેરબાની પામવા તેમની પાઘડીને સરસ રંગ ચઢાવીને રંગી આપી અને ચતુરભાઈએ ખુશ થઈ પરમીશન આપી. આમ ચાર વર્ષનો કોર્સ દોઢ જ વર્ષમાં પૂરો કર્યો. પછી ઘરની સ્થિતિને કારણે ગોધરા એક વેપારીને ત્યાં માસિક રૂપિયા પાંચના પગારથી નોકરીમાં જોડાયા. પરંતુ તેમની પ્રમાણિકતા વેપારીને ખટકતાં વેપારીએ છૂટા કર્યા અને વળી પાછું ઍંગ્લોવર્નાક્યુલર મિડલ સ્કૂલના એક શિક્ષક **શ્રી ઘનશ્યામભાઈ મહેતાની હમદર્દી અને સહાયથી** શ્રી મહેતાના સેવાભાવી માસીબા પ્રભાબાના ત્યાં પેટલાદ વધુ અભ્યાસાર્થે જવાનું ગોઠવાયું. પ્રભાબાએ શ્રીમોટા માટે અભ્યાસ અને આજીવિકાની વ્યવસ્થા પેટલાદમાં જ વસતા વડોદરા અને કચ્છ રાજ્યના માજી દિવાન મણીભાઈ જશભાઈના ત્યાં કરી દીધી. પેટલાદમાં જ હાઈસ્કૂલના હેડ માસ્તર સોજિત્રા નિવાસી ઈશ્વરભાઈ પટેલના પ્રિતિપાત્ર બની તેમની જ સીધી દેખરેખ તથા માર્ગદર્શન નીચે ઇ.સ. ૧૯૧૯માં એસ.એસ.સી. પાસ થયા. કાલોલના જ એક ભાઈ કે વડોદરા કૉલેજમાં ફેલો હતા તેમની મદદથી તથા બીજી થોડી આર્થિક મદદથી કૉલેજના વધુ અભ્યાસાર્થે વડોદરા ગયા અને પેલા ભાઈની સાથે હોસ્ટેલમાં રહીને, હોસ્ટેલના અન્ય રૂમ પાર્ટનરોનાં અંગત સેવાનાં કામો કરીને, ચા ક્લબ ચલાવીને, વૈષ્ણવ હવેલીમાં જમવાનું ગોઠવીને, સયાજીગંજ હૉસ્ટેલથી છેક માંડવીથી ય આગળ હવેલી સુધી રોજ બે વખત ચાલતા જતાં-આવતાં રસ્તામાં ય વાંચન કરતાં કરતાં કૉલેજનું બીજું વર્ષ પૂરું કરી જુનિયર બી.એ.માં આવ્યા. તે વર્ષે ઇ.સ. ૧૯૨૧માં ગાંધીજીએ અંગ્રેજ સરકાર સામે આદરેલ અસહકારના સત્યાગ્રહથી પ્રેરાઈને અંગ્રેજ સરકાર સંચાલિત કૉલેજ છોડી દઈ અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠમાં ભણવા આવી ગયા. અહીં તેમને રહેવા-જમવાના ખર્ચની વ્યવસ્થા કરવા માટે ગાંધીજીના સાપ્તાહિક 'નવજીવન'નું વેચાણ કરવા ફેરીયા તરીકેની કામગીરી કરીને પૈસા કમાઈને અભ્યાસ ચાલુ રાખ્યો. કોઈવાર નાણાં ભીડને કારણે ચણા-મમરા ફાકીને પણ શ્રીમોટા દિવસો પસાર કરતા. અહીં ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ દરમિયાન વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને ગાંધીજીએ દેશના ગરીબ ગામડાના લોકોનું અજ્ઞાન મિટાવવા ગામડે જઈ જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા હાકલ કરી અને શ્રીમોટાએ ગાંધીજીના પ્રભાવમાં વિદ્યાપીઠનો અભ્યાસ છોડીને ગામડામાં સેવા કરવા જવાનું નક્કી કર્યું અને અભ્યાસ છોડી દીધો.

**અલખના પંથે :** પૂજ્ય શ્રીમોટાના જીવનમાં સેવા, સાધના અને સદ્‌ભાવના, પ્રાદુર્ભાવ તથા તેના વિકાસ માટેનું ટર્નિંગ પોઈન્ટ મહાત્મા ગાંધીજીના પ્રભાવ નીચે ગાંધીજીની હાકલથી કવિશ્રી દલપતરામની –

**નથી વિદ્વતા વાપરી દેશદાઝે**
**નથી વાપરી પાઈ જો લોકકાજે,**
**નથી કામ કીધાં સ્વદેશાભિમાની**
**વૃથાજન્મ ખોયો, કરી શી કમાણી ?**

આ ચાર પંક્તિઓ તેમને યાદ આવી જતાં વિદ્યાપીઠ છોડીને ભરૂચ જિલ્લાના વાગરા જેવા પછાત તાલુકાના ગામડાંઓમાં ગ્રામ્યજનોની સેવા અર્થે ગયા !

ગામે ગામ જવા માટે સડકો ન હતી, કાચા રસ્તા પણ ન હતા છતાં શ્રીમોટા પાસે હામ, હૈયું અને હાથ-પગ હતા, ઉત્સાહ હતો, પરંતુ લોકોને ખાવાનાય સાંસા હતા ત્યાં ભણવાની ઉત્સુકતા કોણ દાખવે ? પરિણામે તે પ્રવૃત્તિને વેગ ન મળ્યો અને વિદ્યાપીઠમાં પાછા આવી ગયા અને અભ્યાસ શરૂ કર્યો ને વળી ગાંધીજીના આગ્રહ તથા હાકલને

અનુસરીને નડિયાદમાં ઈન્દુલાલ યાજ્ઞિક સાથે હરિજનસેવાના કાર્યમાં જોડાઈ ગયા. થોડા સમય પછી શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે મતભેદ થતાં તેઓ હરિજનસેવાના કાર્યમાંથી ફારેગ થયા અને બધી જવાબદારી શ્રીમોટાના શિરે આવી. શ્રીમોટા તે વખતે હરિજનશાળા તથા હરિજન આશ્રમનું એમ બેય કામો સંભાળતા. તેઓના **મોટાભાઈ સદ્ગત જમનાદાસ ભગત**ના ક્ષયની રોગની બિમારીથી પીડાતા હોઈ તેમની દાક્તરી સારવાર તથા આખા બહોળા કુટુંબની તમામ જવાબદારીઓ તેમના એકના શિરે હોઈ, બંને સંસ્થાઓમાં કાયદેસર પગાર (મહેનતાણું) મળતું તે લેતા હતા, પરંતુ કેટલાક વિઘ્નસંતોષી કાર્યકરોને એ ખૂંચતાં ગાંધીજીને ફરિયાદ કરી અને ગાંધીજીના સૂચનથી રાજીખુશીથી શ્રીમોટાએ હરિજન આશ્રમનું કામ છોડી દીધું અને ફક્ત હરિજનશાળાનું જ કામ ચાલુ રાખી આર્થિક ભીંસ સ્વેચ્છાએ વેઠી લીધી. આથી મોટાભાઈની સારવાર તથા પોતાના લગ્ન સમયે પોતાની માસીનું દેવું કરવું પડ્યું. ઘણી ઘણી દવાઓ કરવા છતાં મોટાભાઈ બેઠા ન થયા અને દેવલોક પામ્યા. શ્રીમોટાની ચિંતા વધી એમાંથી ‘ફેફરું’નો રોગ થયો. ઘણી દવા-દારૂ કરવા છતાં ના મટ્યો જેથી છેવટે હતાશ મોટાએ જિંદગીનો અંત આણવા ગરૂડેશ્વર જઈ ઊંચી ટેકરી પરથી નર્મદામાં કૂદકો માર્યો, તેમને તરતા આવડતું ન હતું. એટલે મોતને ભેટવા જ નર્મદામાં જંપલાવ્યું હતું, પરંતુ કુદરતે એમના માટે એમના બાલ્યકાળમાં બબ્બે જ્યોતિષી અને બ્રાહ્મણે તેમના ભવિષ્યની કરેલ આગાહી અનુસાર મોટા સંત થવા માટે જીવન સુરક્ષિત રાખવાનું હતું તેથી નર્મદા મૈયાએ મોટાને ઉછાળીને જીવંત જ કિનારે લાવી મૂક્યા. ત્યારે તેમને સમજાયુ કે I am meant for something.

ત્યાંથી ચાણોદ આવ્યા. ત્યાં સામે કિનારે આવેલ રણછોડજીના મંદિરના સાધુબાવાની જગ્યા સાફસુફ કરી સેવા કરી. ત્યાં ફેફરુંનો હુમલો થયો તે જોઈને એ સાધુએ ભગવાનનું નામ લેવાથી જા તારો ફેફરુંનો રોગ મટી જશે એમ કહી પ્રભુ સ્મરણ કરવા જણાવ્યું. શ્રીમોટાએ શંકાના નિવારણ અર્થે ગાંધીજીને પત્ર લખી પુછાવ્યું તો ગાંધીજીએ પણ કહ્યું કે, ભગવાનનું નામ લેવાથી ગમે તે રોગ મટી શકે છે. એકવાર પ્રભાબાના ત્યાં પણ ફેફરુના હુમલાથી શ્રીમોટા પડી ગયા. લોહી ફૂટી નીકળ્યું ત્યારે પણ પ્રભાબાએ ઠપકો આપતાં કહ્યું : ‘ચૂનીલાલ ! તને સાધુબાવાએ રામનામની દવા બતાવી છે, એમાં તારે ક્યાં પૈસો ખર્ચવાનો છે કે ક્યાં બીજી કોઈ તકલીફ છે ? વગર પૈસાનો એ પ્રયોગ તું શા માટે કરતો નથી ? આમ ત્રણ ત્રણ વખત તેમના હૃદય અને માનસ ઉપર હેમરીંગ થયા પછી દિલમાં વાત વસી અને શ્રીમોટાએ ભગવાનનું નામ લેવું શરૂ કર્યું. **શ્રીમોટાના મુખે ‘હરિઃૐ’નું પુનિત નામ શરૂ થયું.** જે આગળ ઉપર તેમનો શ્વાસ-પ્રાણ બની ગયું. તેનાથી તેમનામાં નવી શક્તિ, નવું જોમ, આશા અને પ્રેરણા જાગી. નબળાઈ અને અશક્તિ અલોપ થઈ, સુસ્તી ઊડી ગઈ, કામ સારાં અને ઝડપથી થવા માંડ્યા અને ફેફરુંનો રોગ ક્યાંય અલોપ થઈ ગયો.

હરિપ્રસાદ કંથારિયાએ એક દિવસ શ્રીમોટાને કહ્યું, “અમદાવાદ ભદ્રમાં સાધુના અખાડામાં એક **શ્રીબાળયોગી મહારાજ** તમને તમારું નામ દઈને બોલાવે છે તમે જઈ આવો.” ભાડાના પૈસા તેઓની પાસેથી લઈને અમદાવાદ ગયા. શ્રીમોટા તો આવા કોઈ સાધુને ઓળખતા પણ ન હતા કે જોયા પણ ન હતા, છતાં આ આશ્ચર્યજનક સમાચારવશ કૌતુહલથી અમદાવાદ સાધુના પાસે ગયા અને શ્રીબાળયોગી મહારાજને પ્રણામ કર્યા તો એ હસ્યા અને બોલ્યા : “આ ગયા બચ્ચા ! ઇધર આ, મેરે પાસ બૈઠ.” કહી શ્રીમોટાને તેમની બાજુમાં બેસાડ્યા. એમના સાનિધ્યમાં શ્રીમોટાને પાંચ દિવસ વ્યતિત થઈ ગયા. તે પાંચેય દિવસ અજબ પ્રદેશમાં મોટા વિચર્યા. ખૂબ મીઠાઈ ખવડાવી અને છેલ્લે દિવસે

મરચાંની ખીચડી ખવડાવી. એક સ્વપ્ન સમાન એટલા બધા દિવસો પસાર થઈ ગયા અને પછી વિદાય લીધી. તે પછી શ્રીબાળયોગીજી જાતે નડિયાદ શ્રીમોટા પાસે સામેથી ગયા અને બાપુએ **'હાજી મંઝિલ' બંગલામાં શ્રીમોટાને ઈશ્વરી માર્ગે જવાની દિક્ષા આપી.** શ્રીબાળયોગીજી મહારાજે દિક્ષા આપતાં કહ્યું કે, મને તો ધુણીવાળા શ્રીકેશવાનંદજી મહારાજે મોકલ્યો છે જે તને દીક્ષા આપવા આપ્યો છું. તારા ખરા ગુરુ તો એ ધૂણીવાળા શ્રીકેશવાનંદજી મહારાજ જ છે. તેમની પાસે જજે અને તેઓ જે કહે તે પ્રમાણે કરજે.

શ્રીબાળયોગીજી મહારાજના જણાવ્યા પ્રમાણે શ્રીમોટા શ્રીકેશવાનંદજી પાસે ગયા તો રસ્તે જતાં એક મુસાફરને માથામાં પથ્થર મારવા એમણે આદેશ કર્યો. શ્રીમોટા ગભરાયા પણ મહારાજ તાડૂક્યા અને શ્રીમોટાએ ગભરાટમાં એ મુસાફર ઉપર મોટો પથ્થર ફેંક્યો. તે પેલા મુસાફરના કાન પાસેથી પસાર થઈ ગયો. પેલો મુસાફર ગુસ્સે થયો તો શ્રીકેશવાનંદજીએ એ માણસને જે બુરુ કામ કરવા જઈ રહ્યો હતો તે કામેથી વાળવા માટે પોતે જ પથ્થર મારવા આદેશ કર્યો હતો તેમ કહી ઠંડો પાડી દીધો. પેલો માણસ શ્રીકેશવાનંદજી મહારાજના પગ પકડીને ધ્રૂસકે ધ્રૂસકે રોઈ પડ્યો. આમ, પૂજ્ય શ્રીમોટાના **બે આધ્યાત્મ ગુરુઓ એક શ્રીબાળયોગીજી મહારાજ અને બીજા શ્રીધૂણીવાળાદાદા કેશવાનંદજી મહારાજ.**

**શ્રીમોટાના જીવનમાં ઘટેલી ચમત્કારિક ઘટનાઓ :** એકવાર શ્રીમોટા શ્રીબાળયોગી મહારાજને લઈને નર્મદા કિનારે ચાણોદ કરનાળી ગયેલા. ત્યાં સ્વયં નર્મદા મૈયાએ શ્રીમોટાને ચાંદીના થાળમાં, એક સ્વરૂપવાન કન્યાના રૂપમાં આવીને જમાડ્યા હતા, તો બીજી વાર સાંજે ભરવાડણ કન્યા રૂપે આવીને રોટલા, દૂધ અને માખણ જમાડ્યા હતા.

નડિયાદમાં શેઢી નદીના કિનારે **બાળયોગીજી મહારાજે વડ ઉપર સાધના કરાવ્યા બાદ શ્રીમોટાને કહેલ કે, ''અહીં તારો આશ્રમ થશે.'' તે જ જગ્યાએ આજે હરિઃૐઆશ્રમ** છે. આ જગ્યાએ એક કૂઈ, એક છાપરું અને એક મોટો વડલો અને આસપાસ થોડી જગ્યા હતી. અહીં જ શ્રીબાળયોગીજી મહારાજ શ્રીમોટાને વડલાની એક ડાળ ઉપર બેસાડીને આખી રાત ઈશ્વર સ્મરણ કરાવતા.

શ્રીમોટા લગ્ન કરવા તૈયાર ન હતા, પરંતુ સંતરામ મંદિરની પાસે ચાંગેશ્વર મહાદેવની ધર્મશાળામાં **શ્રીગોદડિયા સ્વામી** આવતાં તેમને શ્રીમોટાની માતાએ વિનવણી કરતાં શ્રીગોદડિયા સ્વામીની સમજાવટ અને આદેશથી લગ્ન કરવા તૈયાર થયા હતા. **લગ્ન વખતે જ સમાધી (ભાવ) લાગી ગઈ હતી.** પરણીને આવ્યા પછી તેમનાં પત્ની ફક્ત એક જ દિવસ રહ્યાં, પછી અમદાવાદ તેમના પિયર ગયાં. ફરી પાછા નડિયાદ આવી શક્યાં જ નહીં. કહેવાય છે કે બિમારીમાં તે ગુજરી ગયા.

ધૂંવાધારમાં નર્મદાના ધસમસતા ધોધને અડીને આવેલી એક ગુફામાં છ - છ દિવસ સુધી ભૂખ અને તરસમાં ભાવ સમાધિ લગાવીને સાધના કર્યા પછી સાતમા દિવસે અજ્ઞાત સહાયથી રોજ એક ટાઈમ ભોજન મળતું થયું અને એકવીસ દિવસ સાધનામાં ગાળ્યા.

સાકોરીના અવધુત શ્રીઉપાસનીબાબા ઈશ્વરીય સંકેતથી શ્રીમોટાને લેવા નડિયાદ આવ્યા. તેમને રહેવા હકીમ સાહેબના ત્યાં શ્રીમોટાએ સગવડ કરી, સેવા કરી અને તેમના આશીર્વાદ તથા સંકેતથી શ્રીમોટા સાકોરી ગયા. જ્યાં **શ્રીઉપાસનીબાબાના સાંનિધ્યમાં સળંગ આઠ દિવસ સુધી ભાવસમાધિમાં સરી જઈને મળ-મૂત્ર ભર્યા પોતાના શરીરના દોષોનો ત્યાગ કરતાં ગંદકી વચ્ચે ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકામાં પ્રવેશી ગયા અને જીવન આધ્યાત્મિક ભાવોથી મહેકી ઊઠ્યું.**

મધ્યપ્રદેશના એક નાનકડા ગામ **સાંઈખેડામાં તેમના ગુરુ શ્રીધૂણીવાળાદાદા રહેતા હતા.** ત્યાં શ્રીબાળયોગી મહારાજના સૂચનથી દર્શનાર્થે ગયા. ત્યાં દુર્વાસા અને પરશુરામ જેવા ઉગ્ર સ્વભાવના આ અવધૂતનો સાચો પરચો થયો, અંતઃકરણ વિશુદ્ધ થયું. **શ્રીમોટાના કપાળમાં દાદાએ જોરથી નાળિયેર માર્યું. શ્રીમોટાના કપાળમાં મોટું ઢીમચું થયું અને દાદા બોલ્યા, "હવે તું તારે ઘેર જા અને તું જે કામ કરતો હોય તે કરતાં કરતાં તારી સાધના કરજે."**

ઈ.સ. ૧૯૩૦માં સ્વરાજ્યની લડતની ઘોષણા થઈ. ગાંધીજીએ દાંડીકૂચ કાઢી. ત્યારે શ્રીમોટા પણ આ સત્યાગ્રહની લડાઈમાં જોડાયા. દહેવાણ (બોરસદ તાલુકો) ગામે સભામાં થયેલ લાઠીચાર્જમાં સપડાયેલ શ્રીમોટા ઉપર સતત લાઠીઓની ઝડીઓ વરસતી હતી ત્યારે પણ તે અણનમ ઊભા રહી લાઠી પડે તેમ તેમ 'હરિઃૐ', 'હરિઃૐ'ની ઘોષણા ચાલુ જ રહી હતી.

**હિમાલયમાં અઘોરીનો ભેટો થયો.** એમની સેવા કરી. એમના આદેશ પ્રમાણે ઉગ્ર દુર્ગંધ મારતો પીવાનો પદાર્થ મોટા પી ગયા ને ભૂખ શમી ગઈ. જોશ અને જોમ પ્રગટ્યાં. એક મસ્તીભરી ભાવનામાં તેમની સ્થિતિ પ્રવર્તી રહી અને અઘોરીએ આશીર્વાદ આપ્યા કે બચ્ચા તેરી જો ઇચ્છા હોગી વહ સબ મેરે પાસસે મિલેગા' પણ તેમની પાસે રહી જવાની શરત મૂકી. શ્રીમોટાએ મજબૂરી જણાવી તો અઘોરીએ ક્રોધિત થઈ કહ્યું : "અચ્છા, તો અબ મૈં દેખતા હું કિ તું ઈધર સે કૈસે જાતા હૈ, અગર જાનેકી કોશિશ કરેગા તો તેરી જાન ખતરે મેં આ જાયેગી" છતાં સદ્‌ગુરુને દિલમાં ધારણ કરી ચાલવા માંડ્યા. મુકામે પહોંચ્યા તો ખરા પણ ભયંકર ડી-સેન્ટ્રી (ઝાડા) થઈ ગઈ. અવારનવાર ઝરણા પાસે સાફ કરવા જવા-આવવામાં થાકી ગયા અને ઝરણા પાસે જ પાથરણું પાથરીને સૂતા-બેભાન બની ગયા અને જ્યારે ભાનમાં આવ્યા ત્યારે કોઈ સાધુને તેમની સેવા ચાકરી કરતા જોયા. આ સ્થિતિ છ દિવસ રહી હતી અને છ એ દિવસ એ સાધુએ શ્રીમોટાનું મળમૂત્ર સાફ કરી સાળસંભાળ રાખી હતી. તે સાધુ શ્રીમોટા ભાનમાં આવતા 'તું જરા આરામ કર હું હમણાં આવું છું' કહીને અદૃશ્ય થઈ ગયા. ત્યારે શ્રીમોટાને ખ્યાલ આવ્યો કે તે તેમના ગુરુજી શ્રીબાળયોગીજી મહારાજ જ હતા.

આવા આવા તો અનેક ચમત્કારો તેમના જીવનમાં સર્જાયા છે. અંતે તેઓ આજીવન સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ ધર્મ અને સદ્‌ભાવભર્યું જીવન જીવી હરિઃૐ આશ્રમો દ્વારા સૂક્ષ્મ સ્વરૂપે પણ આજેય લોકસેવા અને કલ્યાણનાં કામો કરતા રહે છે અને તેમના સ્વજનો દ્વારા કરાવતા રહે છે. સ્વૈચ્છિક સમાધિ લીધી : તા. ૨૩-૦૭-૭૬ના રોજ છ અનુયાયીઓની હાજરીમાં. એક આધ્યાત્મિક વસિયત લખીને વિલીન થયા.

*(પાટીદાર પથદર્શક, પૂ. મોટા વિશેષાંક સપ્ટે.૨૦૦૨ પૃ. ૩-૬)*

## સદ્‌ગુરુનું આકર્ષણ

ભગવાનની કૃપાથી અથવા તો કર્મ પ્રારબ્ધ સંજોગે કરીને સદ્‌ગુરુ કે ઉચ્ચાત્મા સાથે અથડાઈ પડ્યાં તો તેવા લોક આપણા જેવા જીવને ખેંચવાને કાજે કોઈને કોઈ પ્રકારનું આકર્ષણ આપણામાં જન્માવે છે. આકર્ષણ વડે એ જો આપણે પ્રભુસ્મરણની ભાવનાને સળંગ, એકધારી જીવતી રાખી શક્યાં તો તે આકર્ષણ ઉપયોગી નીવડી શકે છે. તે આકર્ષણ જેમ જેમ ઉપયોગમાં લેવાતું જાય છે, ને તેમાં જો આપણા હૃદયની જ્ઞાનભક્તિની સમજણ જીવતીજાગતી ઉમેરાય છે, તેમ તેમ તે આકર્ષણનો પ્રકાર ને આકાર પણ બદલાતો જાય છે. ઉચ્ચાત્માઓ કે સંતાત્માઓ પણ અનેક જુદા જુદા પ્રકારના જીવોને જીવન પરત્વે આકર્ષવાને તેમની રીતનું જ્ઞાનપૂર્વકનું વલણ લેતા પણ હોય છે.

*(૩ જીવનસોપાન, પૃ. ૯૮-૯૯)*

*શ્રી સદગુરુ વિશે - પૃ-૧૪-૫*

## ૨. જન્મ સાર્થક શો થયો ! – શ્રીમોટા

તમારાં બધાનાં આ પ્રેમભાવ માટે ભગવાનનો ઘણો ઘણો ઋણી છું. એ જ મારે મન તો એની કૃપા છે. બાકી હું કોણ ? જગતની દૃષ્ટિએ તો એની પાસે કશું નથી – માલ નથી, મિલકત નથી, ધન-દોલત નથી, જમીન નથી, જાગીર નથી, એવી કંઈ પ્રતિષ્ઠા પણ નથી. કોઈ ખૂણામાં પડેલ એવા એક માનવીને ભગવાને કેવો આનંદ આપ્યો છે ! કેટલી કૃપા વરસાવી છે ! ને કેટલો એના ખરા અર્થમાં સુખી બનાવ્યો છે ! તે બધું આંખ સામે તરી આવે છે ને હૃદય એના ચરણકમળે ગદ્‌ગદિત બને છે. તમારાં બધાંની પ્રેમભાવનાને જવાબ વાળી શકવાની એટલે કે જે હેતુસર આપણને બધાંને ભગવાને મેળવ્યા છે તે હેતુ ફાળવવામાં નિમિત્ત બનવાની શક્તિ ભગવાન મને આપો ! એના સિવાય તો હું બિચારો શું કરી શકું ? ને ક્રોધમાં કે ગુસ્સામાં કે બીજી રીતે કઠણ થઈને મારાથી કશુંક તમારા પ્રત્યે થાય, ત્યારે મને જતો કરશો ને મનમાં ન લાવશો એટલી જ વિનંતી છે. ફરીથી વારંવાર એ પરમ કૃપાળુ પ્રભુનો અહેસાન માનું છું કે એણે એની કૃપાનાં આવાં પવિત્ર દર્શન કરાવ્યાં. એને હજારો ધન્યવાદ. ભગવાન સૌનું ભલું કરો !

*('હરિવાણી ૫--૧ સપ્ટેમ્બર ૧૯૯૦)*

### ભગવાનમાં એકાગ્ર પ્રેમ

હવે આપણે જુદે પંથે વળ્યા છીએ. આ પ્રેમના પંથમાં તો સહેજ પણ અનુદારતા, વાડાબંધી, અસહિષ્ણુતા ન ચાલી શકે. **આ** માર્ગમાં 'સબમેં મેરા લગતા હય' જેવી વૃત્તિ નહિ ચાલી શકે. **આપણે તો હવે શ્રીભગવાનમાં જ એ એકમાં જ, તલ્લીન તદાકાર રહ્યા કરવાનું છે. જીવનને એની પ્રસાદીરૂપે સ્વીકારી એના જ્ઞાનભક્તિપૂર્વકના સંપૂર્ણ યંત્ર બની જવાનું છે** – નહિ કે આપણે બાંધેલા સારાનરસાના ધોરણે હજી પણ જીવવાનું છે. **હૃદયનો સંપૂર્ણ પૂરેપૂરો યોગ્ય સાથ મળ્યા વિના કંઈ કશું બની શકતું નથી.**

*('જીવનસંશોધન' ત્રીજી આ., પૃ. ૧૬-૧૭)*

## ૩. પરમાર્થ માટે ચરોતરી ભાષામાં મોટાની અપીલ

આ બેઠા છે તે કોઈ ધોતિયાં ખંખેરીને ઊઠી ના જશો. દરેક જણ આપજો. વધારે ના આપતા. રૂપિયો રૂપિયો ના આપજો. પણ કોઈ નાંખ્યા વિના ના જશો. અને અહીં શાકાહાર કર્યો છે તે બધાં લઈને જશો. પહેલા બહેનો આવે. વ્યવસ્થિત રીતે બહેનો આવે. એક પછી એક આવે. ભઈ તમે સ્વયંસેવકો રાખ્યાં છે ? તો તૈયાર કરો હવે. ઊભા રાખી દો. લાવો લાવો જલદી. ત્યારે આમાં કાંઈ બાકી ના રહે. એકદમ ઊઠી ના જશો. ભાઈ વાર છે હજુ. હજુ તો મારા મંત્રી સાહેબને પ્રવચન ને જે કહેવાનું છે તે કહેશે. આભારવિધિ કરશે. પછી બહેનો બધા વ્યવસ્થિત આવે.

**આપણે જો સ્વરાજ મેળવવું હશે તો શિસ્ત તો શીખો ભઈ. હુડુડુડુ કરતાં બધા ઊભા થઈ જાવ ? અલ્યા પણ શું કરવું છે ? અલ્યા શી ધાડ છે અહીં ? કંઈ આગ લાગી છે ? માટે નિરાંતે બેસી રહેજો. એક પછી એક આવજો, અને કોઈ બાકી ના રહે.** અપવાદ સિવાય બધા જ આ કથરોટ પર મૂકજો. મને પગે લાગવાનું કરશો નહિ. અને આરતી છે તે ફેરવવાની. અંદર મૂકજો. આરતી આપવી જોઈએ. હાર તો પહેરાવવો પડે.

એટલે ભાઈઓ અને બહેનોને વિંનતી છે કે દરેક જણ આપજો. ભાઈઓ આટલા બધા છે. ઓહોહોહો જે બોલી દીધા છે. **એ બધા આપજો. એમ ને એમ ધોતિયું ખંખેરીને ઊઠી ના જશો માટે ચરોતરની ભાષામાં કહું છું ભઈ** બધા પગે લાગશો નહિ મને. હા. હું હેરાન થઈશ. વેગળેથી પગે લાગીને જજો. પગે લાગો તો જે ભાવના મેં કહી છે તે મનમાં રાખજો ભઈ, બંધ કરું હવે ?

**॥ હરિઃૐ ॥**

*(મોટાવાણી, પૃ. ૪૩)*

# ૪. ગુરૂપૂર્ણિમા-૨૦૨૪ની ઊજવણી - શ્રી સિદ્ધાર્થભાઈના પ્રેરક પ્રસંગો

હરિઃૐ આશ્રમ નડીયાદમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ તા. ૨૧-૦૭-૨૦૨૪ના રોજ યજમાન સુજ્ઞશ્રી ઇલાબેન નિમિષભાઈ શાહ પરિવાર દ્વારા તેમજ આવેલ સ્વજનો દ્વારા ખૂબજ ભાવપૂર્ણ રીતે ઊજવવામાં આવ્યો. સવારે નાસ્તામાં ઢોકળા અને ચા-કોફી આપવામાં આવ્યા દરેક સ્વજનો દ્વારા પ્રાર્થના અને હરિઃૐ ધૂન અને ભજનો સુંદર રીતે ગાયા અને સવારના સાડા આઠથી બપોરના ચાર વાગ્યા સુધી પૂજ્ય શ્રીમોટાના સાંનિધ્યમાં રહીને ગુરુપૂર્ણિમા ઊજવી શકાયી. બપોરે ચા/કોફી હાજર રહેલ સ્વજનોને આપવામાં આવ્યા અને ખૂબજ આનંદ ઉત્સાહથી ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. **— સંપાદક**

સર્વત્ર વિદ્યમાન છે એ પૂજ્ય શ્રી વ્હાલા મોટાની કર્મ ભૂમિ હરિઃૐ આશ્રમની આ પવિત્ર ભૂમિમાં પૂજ્ય શ્રીમોટાના પાવન પ્રસંગોને આપ સૌની સમક્ષ જણાવતા ગર્વ અનુભવું છું. આ પ્રેરણા મારામાં જગાવવા મુરબ્બી શ્રી રાજેન્દ્રભાઈ રાવલ સાહેબનો આભારી છું. શ્રીમોટાનો સંબોધવાનો પ્રચલિત શબ્દ સાહેબ હતો અને તેમજ શ્રીમોટાને પ્રત્યક્ષ જોનાર એ યુવાન સત્સંગી શ્રી મંગેશભાઈનો પણ આભારી છું.

(૧) મારી માતા પૂ. કાન્તાબાનાં ગર્ભમાં મારો જીવ પાંગળતો હતો. એ પરિસ્થિતિમાં કાન્તાબાને ગળ્યો મગસ ખાવાની પ્રબળ ઈચ્છા થઈ. સંજોગવશાત્ મગસનો કરેલો ધાબો - સાબરમતી નદીમાં નાંખી દેવાયો. આની જાણ પૂ. શ્રી હેમંતદાદા થકી શ્રીમોટાને થઈ એટલે તરત જ શ્રીમોટાએ એમના ભાભી કાશીબાને કહી મગસ બનાવડાવી શ્રી હેમંતદાદા સાથે કાન્તાબાને મોકલાવ્યો. પરિણામે કાન્તાબાએ મગસ ખાઈને સંતોષ અનુભવ્યો. આમ સિદ્ધાર્થને ગર્ભમાં જ રહેતા પૂ.શ્રીમોટાની કૃપા પ્રાપ્ત થઈ. શરૂઆતથી જ મોટાએ મારામાં સંસ્કારો રેડીને શ્રી ગણેશ કર્યા. પૂજ્ય શ્રી હેમંતદાદાને લઈને મારા પિતાશ્રી નંદુભાઈને પૂજ્ય શ્રીમોટાની ઓળખાણ કરાવી.

(૨) મારા મેટ્રિકના ભણતરનો પાયો પાકો થાય એ હેતુથી જ શ્રીમોટાએ મને શ્રી હેમંતદાદાને સોંપ્યો. આ જ હરિઃૐ આશ્રમની શરૂઆતમાં અધૂરું રહેલું બાંધકામ થતું હતું. આશ્રમના રસોડામાં હેમંતદાદાએ મને જાતે રાંધતા શીખવાડ્યું. ૧૧ મહિના અમે બન્નેએ જાતે રાંધીને સમયનો સાચો લાભ લીધો. સ્વાશ્રયીનો પાઠ અહીંથી જ શીખ્યો.

(૩) મારામાં સાહસ 'હિંમત' નિર્ભયતાના ગુણો વિકસે એ હેતુથી અમદાવાદથી કુંભકોણમ્ સુધીનો સાયકલ પ્રવાસ, મારી ૧૪ વર્ષની ઉંમરમાં કરવાની શક્તિ આપી. શ્રીમોટાની અપાર શક્તિનો પરિચય સાંપડતા પ્રવાસ પૂરો થઈ શક્યો. કુંભકોણમ્ આશ્રમે કાવેરી નદીની પૂર આવવાની સ્થિતિમાં આશ્રમના ઓવારેથી-સામેના કાંઠે તરીને જવાની હિંમત આપી. એમની શક્તિના પ્રતાપે જ નદીમાં તરી શક્યો અને રૂ.૫૧-નો પુરસ્કાર શ્રીમોટાએ આપ્યો.

(૪) પૂજ્ય શ્રીમોટાનો મારા જીવ સાથે જન્મોજન્મનો સંબંધ હશે જ એવી અનુભૂતિ થવા માંડી. મારી જીભ અચકાતી હતી. બોલવામાં સ્પષ્ટતા નહોતી. ખૂબ મુંઝાતો હતો. આથી એમને થયું કે સિદ્ધાર્થ જીવનમાં કેવી રીતે ટકી શકશે ? એટલે જાતે સ્વયં મારી સાથે મુંબઈ આવ્યા. ઘાટકોપરમાં ડૉક્ટરની દોઢ મહિનો ટ્રીટમેન્ટ ચાલી. લગભગ ૮૦ ટકા સુધારો થયો. હવે મોટા ચરણેની પંક્તિઓ સ્પષ્ટ પણ બોલી શકું છું. આવા તો મારા જીવનમાં ઘણા ઉપકાર એમના છે.

(૫) મારામાં ધર્મનાં સંસ્કાર જાગે એ હેતુથી મને સાથે લઈને સ્વયં અમદાવાદમાં મોડલ ટૉકિઝમાં ફિલ્મો દેખાડી બૈજુ બાવરા + ચૈતન્ય મહાપ્રભુ +

સંત જ્ઞાનેશ્વર + નવરંગ + ઝનક ઝનક પાયલ બાજે - આ બધી ફિલ્મો દેખાડી મારો શોખ પૂરો કર્યો.

ઉપરાંત જીવનમાં અંગ્રેજી ભાષાનું મહત્ત્વ ખૂબ છે. એ જાણીને મારા અંગ્રેજી બોલવામાં ઉચ્ચારો સ્પષ્ટ થાય. સારી રીતે અંગ્રેજી બોલી શકું ને સામેનો માણસ સમજી શકે, એવી આવડત - ક્રિકેટની અંગ્રેજીમાં આવતી કોમેન્ટ્રી ખાસ સંભળાવતા. પછી કેટલી પ્રગતિ થઈ તેની પરીક્ષા Exam લેતા હતા.

મોટા મને વારંવાર પૂછતા હતા કે એમની સાથે જવામાં-ચાલવામાં મને શરમ યા સંકોચ નથી આવતો ને ? મેં જવાબ આપ્યો કે બિલકુલ નહિ. પણ મારા મનમાં એ કે મારો ફિલ્મો જોવાનો શોખ પૂરો થાય છે ને. સારો દાખલો આપું. મુંબઈમાં રીગલ ટૉકિઝમાં હોલીવુડનું પ્રખ્યાત અંગ્રેજી પિક્ચર 'ધી ટેન કમાન્ડમેન્ટસ' મને સાથે બેસાડી જ્યારે પિક્ચર પૂરું થયું ત્યારે બહાર આવ્યા. તે વખતે ભર બપોરે મુંબઈના રસ્તામાં  ભટ્ટ સાહેબની મોટા ચરણેની પંક્તિઓ વાંચી આનંદ પામ્યા. આ પ્રસંગનો હું સાક્ષી થયો એથી મને ખૂબ  પ્રેમવિભોર થઈ પૂજ્ય શ્રીમોટા સાથે જવાનો પૂર્ણ સંતોષ થયો.

(૬) હિમાલયની યાત્રાનો એક પ્રસંગ તો આપ જાણો છો. પૂજ્ય શ્રીમોટાએ મારી નબળી શારીરિક અવસ્થામાં એમની અપાર શક્તિએ મને ઉગાર્યો, તાર્યો. હવે બીજો પ્રસંગ આપ સૌને જણાવું. પૂજ્ય શ્રીમોટા ભવિષ્યમાં થનારી પરિસ્થિતિઓ અનુભવી શકતા હશે - એ જ્ઞાન મને હવે થાય છે. પૂજ્ય શ્રીમોટા મારા પિતાશ્રી નંદુભાઈને જણાવતા હતા કે "સિદ્ધાર્થ, તમારા હિરાના વેપારમાં નહિ આવે. હિમાલય યાત્રા દરમિયાન મારી ચાલવાની વર્તણુક જોતા હતા. તેથી સ્પષ્ટ શબ્દોમાં કહ્યું - સિદ્ધાર્થ નવો ચીલો પાડશે. કંઈક નવું જ કરવા મળશે. નવી કેડી બનાવી તેમાં જ ચાલશે અને સ્વયંશક્તિનો ઉપયોગ કરીને સુખી થશે. ચિંતા ના કરતાં.

(૭) પરિસ્થિતિ બદલાઈ ગઈ. સંજોગો બદલાયા. મારો તેમજ કાન્તાબા સાથેનો વિયોગનો સમય પૂરો થયો. અમદાવાદમાં ગાંધીઆશ્રમમાં પોતાના મકાનમાં સાથે રહેવાનો યોગ થયો. પણ ફરી પાછો જીવનમાં ઝંઝાવાત આવ્યો. શ્રીમોટાનાં પ્રખ્યાત શબ્દો યાદ આવ્યા. તારે જીવનમાં મથતા જ રહેવાનું છે. મથતો જ રહેજે. ખુમારી રાખજે. બન્યું એવું કે પિતાશ્રીએ અમારું મકાન ગાંધી સ્મારક ટ્રસ્ટને વિના મુલ્યે પરત પાછું આપ્યું. અમને કુટુંબ સાથે ગાંધી આશ્રમનું પોતાનું મકાન ખાલી કરવાનો આદેશ આપ્યો.

એજ સંજોગોમાં પૂજ્ય શ્રીમોટાની પધરામણી અમદાવાદમાં શ્રી જયંતીભાઈ દલાલના ઘરે થઈ. અમો મળવા ગયા. ત્યારે પૂજ્યશ્રી કાન્તાબાએ અંતરની વ્યથા શ્રીમોટાને જણાવી. 'મોટા વર વિનાની તો થઈ ગઈ છું. અને હવે ઘર વિનાની પણ થઈ ગઈ." અમે ક્યાં જઈએ ? કયા આશ્રયે જીવન વિતાવીએ ? સાંભળી શ્રીમોટાના દિલમાં કાન્તાબા પ્રત્યે કરુણા જાગી. પરિણામે શ્રીમોટા સ્વયં પોતે જમીન-પ્લોટ જોઈ આવ્યા. એમને પસંદ કરેલો પ્લોટ-જમીન જોઈ આવવાનો હુકમ કર્યો. તે પણ રાતના સાડા દસ પછી જ અમે ઈલા સાથે રાતના જ પ્લોટ-જમીન જોઈ આવ્યા. અને અમે જવાબ આપ્યો. મોટા તમે જાતે જ શ્રમ લઈ જમીન જોઈ આવ્યાને પસંદ પડ્યો તો આપનો શુભ સંકેત હશે જ. આ જવાબ સાંભળી પૂજ્યશ્રી મોટાને સંતોષ થયો. પરિણામે અત્યારે જ્યાં રહીએ છીએ તે જ જમીન પ્લોટમાં **'સવિતૃભવન'** નામનો બંગલો નવો જ બંધાવ્યો. આવી રીતે પૂજ્ય શ્રીમોટાના વાક્યો કેટલા પ્રભાવશાળી છે ! એમના અભય વચનનું સ્મરણ થાય છે. **"આધાર આશ્રયે (પૂજ્ય શ્રીમોટાના) મારા રહી કર્મ આચરે તેમના પાપ નિવારું છું સંશયના ખરે"** મોટાની-અપાર કરુણા-કૃપા અનુભવી - સંતોષથી પોતાના જ બંગલામાં રહેવાનું ભાગ્ય મળ્યું.

(૮) શ્રીમોટાની અપાર નમ્રતા - દુરંદેશી તેમજ સહાયતાનો અનુભવ જોઈ શક્યા તેથી અમો ભાગ્યશાળી માનીએ છીએ. જ્યારે બંગલો બંધાતો હતો, ત્યારે એના દરેક સ્ટેજ-જાતે આવીને નિહાળીને સંતોષ અનુભવીને ઉત્તમ સલાહ-સૂચનો આપતા.

વાસ્તુના પૂજન વખતે જાતે સ્વયં આવીને નાળિયેર યજ્ઞમાં અર્પણ કરીને શ્રીગણેશ-શુભ શરૂઆત કરાવી.

(૯) બંગલાના વાસ્તુના પ્રસંગની રાત્રે બંગલામાં જ મને જીવવાની સાચી સમજ આપી. તું કંઈ હુન્નર શીખ તો લાભ થશે. જેમકે પ્લમ્બર, સુથાર, ઈલેક્ટ્રિશિયન તેમના ગમતા હુન્નર શીખ્યા તો ઘર ચલાવી શકે છે. આ એમની સોનેરી સલાહ ગળે ઊતરી ગઈ. પરિણામે મદ્રાસ જઈ ડિપ્લોમાનો ઓટોમોબાઈલ એન્જિનિયરનો કોર્સ કર્યો. ૨ વર્ષ મદ્રાસમાં રહીને ડિપ્લોમા એન્જિનિયર થયો. લાલ + કાળા વાયરો જોડી એમ્પ્લીફાયરો ચલાવતા શીખ્યો. ૧૬ એમ.એમ. પ્રોજેક્ટરો લોન લઈ વસાવ્યા. ગામે ગામ ગુજરાતમાં સાઈડકારમાં ૧૪ વર્ષ ફરી ફરીને ઉદ્યમ કર્યો. સાઈડ કારમાં પ્રોજેક્ટર લઈ ગામે ગામે જઈને રાતના અંધારામાં શો પૂરો પાડીને પાછો ઘેર અમદાવાદ આવું. એ દિવસો ને રાતમાં ત્યારે મને સ્પષ્ટપણે અનુભવાયું. શ્રીમોટાએ મારામાં નિર્ભયતા, હિંમત, સાહસ તેમજ  જીવવાની ખુમારી પ્રગટાવી હતી તે સાર્થક થયું તે અનુભવાયું. આવા મુશ્કેલીના સમયમાં શ્રીમોટાએ મને ઉગાર્યો, સાચવ્યો, રક્ષા કરી. ને શ્રીમોટાના શબ્દો સાચા પડ્યા કે દરરોજ રૂ. ૧૦૦ કમાઈશ. મહિનામાં સહેજે લગભગ રૂ. ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ કમાતો થયો. ઘર ચલાવ્યું. આ સમયમાં શ્રીમોટાના ચુસ્ત ભક્ત સત્સંગી મંગલમ ટૉકિઝના માલિક શ્રી હર્ષદભાઈ અમારા બંગલે અમારી ખબરઅંતર પૂછવા આવેલા ત્યારે બંગલાના ડ્રોઈંગરૂમમાં  શ્રીમોટાનો પ્રભાવશાળી ફોટો જોઈને ખુશ થયા. તરત જ બોલી ઉઠ્યા કે - "હવે તારો કોઈ વાળ વાંકો નહિ કરી શકે. - તારી ઉપર સમર્થ શ્રીમોટાની છત્રછાયા-સહાયતા છે. લગીરે ચિંતા ના કરીશ." - આ સાંભળી એ વખતે મોટા ચરણેની પંક્તિઓ યાદ આવી ગઈ. **જો આપનો સાથ મળી ગયો તો અંતરને ઊજાગરો પછી શો ?!**

હવે આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે, મને સાંભળવાની - દિલથી - અંતરથી દયા કરશો. કંટાળતા નહિ. કારણ કે પૂજ્યશ્રી સમર્થ મોટાની મહાનતા એટલી બધી વ્યાપક છે; ઘણાં બધાં સારાં પ્રેરણાદાયક પ્રસંગોને ટૂંકાણમાં ના વર્ણવી શકાય. લગભગ પુસ્તક છપાય એટલા અગણિત પ્રસંગો મારા જીવનમાં અનુભવાયા છે. હવે ટૂંકમાં જ બોલીશ. પૂજ્ય શ્રીમોટાનું અભય વચન - આપણા બધાના જીવનમાં બધી જ પડતી મુશ્કેલીઓમાં-બહાર આવવા ખૂબ જ ઉત્સાહ પ્રેરે છે. આપને બધાને મથવાની હિંમત આપે છે. હવે મને બોલવાની તક આપવાની વિનંતી-હિંમત આપજો. કદાચ મારા બોલવામાંને સમજવામાં મુશ્કેલી પડતી હોય તો મુરબ્બીશ્રી રાજેન્દ્ર રાવલ સાહેબને મારુ લખાણ વાંચી સંભળાવવાની વિનંતી  કરું.

(૧૦) હવે મારા જીવનમાં ટર્નીંગ પોઈન્ટ આવે છે. અત્યાર સુધીમાં સાઈડકારમાં ફરીફરીને ગામેગામ ફિલ્મોના શૉ પાડવાનું બન્યું. ઘર ચલાવ્યું. એવામાં મારા પુત્ર સત્યાર્થનું ધંધામાં આવવાનું બન્યું. સત્યાર્થના માનવા પ્રમાણે અમદાવાદમાં આહુજાની સાઉન્ડ સિસ્ટમ વાપરી ઘણા બધા પ્રોગ્રામો કર્યા. પણ સત્યાર્થના કહેવા પ્રમાણે આમાં ઊંચા ના અવાય. લોકો ફોરેનની બ્રાન્ડેડ સાઉન્ડ સિસ્ટમ સાંભળતા થઈ ગયા છે. આ સૂચન મને ગમ્યું. બજેટ બનાવ્યું. બજેટ રૂ. ૪ થી ૫ લાખનું થયું. સીંગાપૂર જવું પડે. આટલી બધી રકમ ક્યાંથી લાવવી. અમદાવાદમાં ઘણા પ્રયત્નો કર્યા. ક્યાંયથી સહાયતા ના મળી. મારી વ્યથા શ્રીમોટાને સ્પર્શી ગઈ. એ વખતે જ પૂ. શ્રીમોટાએ દેહત્યાગ કર્યો હોવાથી એમની સહાયતા ક્યાંથી મળે ? પણ એમનું અભયવચન યાદ આવ્યું. એમની જ પ્રેરણાથી, સંકેતથી ત્યારે ઝામ્બિયાના મુરબ્બી શ્રી જયંતીભાઈની યાદ આવી.  ઝામ્બિયા દક્ષિણ આફ્રિકામાં રહેતા શ્રી જયંતીભાઈને ટ્રંક કોલ કરી રૂપિયાની સહાયતા માંગી. મેં એમને સ્પષ્ટ જણાવ્યું કે - ના પાડશો તો માઠું લગીરે નહિ લાગે. અમદાવાદમાં ના-સાંભળીને ટપલાં ખાઈને પણ ઉત્સાહ નથી ઓસર્યો. જો આપ વિનંતી સ્વીકારી રૂ. ૪ લાખની સહાય કરશો તો ઋણી થઈશ. પણ સાહેબ, પૂજ્ય શ્રીમોટાનો ચમત્કાર જ જોઈ લો. ફોનમાં લગીરે

સમય ના બગાડતા તરત જ વિનંતીને સ્વીકારી જણાવ્યું કે આવતી કાલે જ સુરતની સ્ટેટ બેંકમાં ‘ગાયત્રી સાઉન્ડ’નામનો ડ્રાફ્ટ રૂ. ૪ લાખનો તૈયાર થઈ જશે. એટલે તાત્કાલીક ઈલા સાથે સૂરત જઈને રૂ. ૪ લાખનો ડ્રાફ્ટ રૂબરૂમાં લઈ આવ્યા. આ રકમ લઈ સત્યાર્થ, ઈલા અને હું (સિદ્ધાર્થ) સીંગાપુર જઈને ફોરેનની બ્રાન્ડેડ સિસ્ટમ ખરીદી લાવ્યા. કાયદેસર લઈ આવ્યા બિલથી. આટલી ચમત્કારિક સહાય આપી શ્રીમોટાએ બીજી મોટી સહાય આપી. વડોદરામાં શ્રીમોટાના ૧૦૦મા ઉત્સવનાં શ્રી ગણેશ કરાવ્યા. શ્રીમોટાના ૧૦૦મા ઉત્સવમાં શ્રી જાની સાહેબની મહેરબાનીથી ફોરેનની બ્રાન્ડેડ સિસ્ટમનું ઓપનિંગ પ્રોગ્રામ કરવાનું ભાગ્ય મળ્યું. આમ શ્રીમોટાની અત્યંત કૃપા થઈ. પ્રોગ્રામ સફળ થયો. ત્યાર બાદ ઘણીવાર પૂજ્ય શ્રીમોટાના થતા ઉત્સવોમાં સાઉન્ડ સિસ્ટમ મુકવાની તકો મળવા માંડી. શરૂઆત નરોડાના શ્રી ઈશ્વરભાઈથી થઈ. ત્યારબાદ શ્રી જયંતીભાઈ પટેલ લાદીવાળા, લેખડિયા સાહેબ, શ્રી જગતભાઈ અને તેમના પત્ની શ્રીમતી દર્શનીબહેને પણ અમોને તકો આપી. પૂજ્ય શ્રીમોટાના ઉત્સવોમાં પ્રોગ્રામો કરાવ્યા. તકો આપી તે સૌનો દિલથી આભારી છું.

(૧૨) અને છેલ્લે શ્રીમોટાના પ્રખ્યાત શબ્દો - વાક્યો જણાવું. સમય અંધાધૂધીનો કારમો કાળ આવશે. રૂપિયા કલમના ગોદે ચાલ્યા જશે. તેથી પરમાર્થ કરો. ઉપરાંત કોમોડીટીમાં, સ્થાવર વસ્તુમાં ઈન્વેસ્ટમેન્ટ કરશો તો ઊગરી જશો. આ વાક્યો મારા જીવનમાં યથાર્થ સાચા ઠર્યા. મારા સ્વતંત્ર બંગલાની કિંમત ઘણીબધી વધી ગઈ. બંગલા ઉપર જ બેંકો લોન આપતી થઈ. અસ્તુ.

**સિદ્ધાર્થ નંદલાલ શાહના હરિઃૐ સાથે સ્નેહ વંદન**

## હરિઃૐ ગુંજનને આર્થિક સહયોગ

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી રાજેન્દ્રકુમાર પી. પટેલ : અમદાવાદ | : | રૂ. ૧,૫૦૦.૦૦ |
| (૨) | શ્રી જગદીશકુમાર એ. શાહ : અમદાવાદ | : | રૂ. ૫૦૦.૦૦ |

## ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ

(૧) હરિઃૐ આશ્રમ, નડિયાદના વર્ષો જૂના સેવક શ્રી અરવિંદભાઈ સી. સોઢા રહેવાસી : કપરુપુર, તા મહુધાના માતુશ્રી સ્વ. કંકુબેન ચંદુભાઈ સોઢાનું અવસાન તા. ૨૮-૦૬-૨૦૨૪ના રોજ થયેલ છે.

(૨) નરોડા નિવાસી સ્વ. શ્રી અમરતલાલ પટેલ, (નાના અમરતકાકા) હાલ અમેરિકાના પત્ની ગ.સ્વં. સુભદ્રાબેન પટેલનું દેહાવસાન તા. ૧૦-૦૭-૨૦૨૪ના રોજ થયેલ છે.

(૩) શ્રી પલકભાઈ (આસી. મ્યુ. શ્રી કમિશનર)ના પિતાશ્રી સ્વ. જીતેન્દ્રભાઈ હંસરાજભાઈ સરવૈયા કે જે પૂજ્ય શ્રીમોટાના વર્ષો જૂના પરમ સ્વજન હતા. તેઓ તા. ૧-૦૮-૨૦૨૪ના રોજ અમદાવાદ મુકામે વૈકુંઠધામ પામેલ છે.

**શ્રીહરિ મોટા સર્વે ગતાત્માને તેમના શરણમાં રાખે તેવી હૃદયથી પ્રાર્થના**

## ૫. માહ્યલાની મથામણ — ડૉ. સુભાષ મ. દવે

પૂ. શ્રીમોટારચિત **'હૃદય-પોકાર'** સાધક-હૃદયની પ્રાર્થનાવાણી છે. શિખરિણીના ભાવોચિત બંધમાં અહીં સાધક-હૈયાનો સાધના-પુરુષાર્થ મૂર્તિત થયો છે. સંસારનો સંઘર્ષ કે પછી ભૌતિક સુખસંપત્તિનાં અધૂરપ અને અસ્થિરત્વના અનુભવે માનવી પરમાત્માભિમુખ થવા પ્રયત્ન કરે છે ! સામાન્યતઃ સાધકનો પૂર્વરંગ કંઈક આવો હોય છે. એથી સાધના, પૂર્વરંગને પલટી, પરમાત્માભિમુખ થવાની પ્રક્રિયા, એને માટે બને છે. આ પ્રક્રિયામાં સાધકને મથામણો ભોગવવી પડે છે. પૂ. શ્રીમોટાએ **'હૃદય-પોકાર'**માં માહ્યલાની આ મથામણોનો પોકાર કર્યો છે. સાધક-હૃદયનો આ પોકાર અનુભવ-ઉદ્‌ગાર હોવાથી પ્રત્યેક સાધકના હૈયાને ઠારે એવું શાંતિ-બળ એમાં પડેલું છે.

સંસારના રઝળપાટથી સાધક વિવશ બને છે. પરિમિત સુખ-સગવડની જ પ્રાપ્તિનો એને રંજ છે. સાધકની આવી ઓળખ થાય છે, આ પંક્તિઓમાં :

**પ્રભો ! જન્મ્યો તો હું ગરીબ જન તેથી રઝળવું,**
**એને કર્મે મારે જગ રખડવાનું, બહુ થયું.**

સ્વજનો, સ્નેહીજનો અને અન્ય સાથેના વ્યવહારોમાં જો કે સાધકને શીખવાનું તો મળ્યું જ છે; એમ છતાંય, આવા વ્યવહારોએ એને દુન્વયી બંધનોનો જ વિશેષ અનુભવ કરાવ્યો છે. વ્યવહારોમાંથી સર્જાતી પરિસ્થિતિઓ સાધકને સંતાપે એવી બની રહે છે. એથી એવા સાધકની પ્રભુ સમક્ષ કથની પ્રગટે છે કે :

**મને જ્યાં જોઉં ત્યાં પ્રભુ ! બહુ બધે બંધન દીસે,**
**અને સંજોગથી વળી હું જકડાયેલ જીવને,**
**તને જોડીને બે કર, શિર નમાવી વિનવું કે;**
**થવા સૌથી મુક્તિ; મુજ જીવનને હામ પ્રભુ દે !**

સંજોગનિર્મિત બંધનો વિશે એ ઊંડું મંથન કરતો થાય છે. એ રીતે વ્યવહારોની બહિર્મુખતામાંથી એ અંતર્મુખી બની જાય છે. મનની ગતિ-વિધિના સંદર્ભમાં હવે એ અનેક પ્રશ્નો ઊઠાવતો થાય છે. ભીતરની અસંબદ્ધતા એની પાસે આથી ઊઘડે છે. ચિત્તની દ્વિધાત્મક પરિસ્થિતિ એને પરખાય છે. મન-હૃદયનો સંતાપી ઝઘડો નિવડવો કઈ રીતે, એ એની વ્યથા બને છે. એથી અશરણશરણ પ્રભુના ચરણમાં ઢળીને એ પ્રાર્થના કરે છે :

**રહ્યો હું એકાકી રિપુ મુજ ઘણા, હું ક્યમ ટકું !**
**થતો મારો ચારે તરફ થકી મારા પર બહુ,**
**સહેવાતું હાવાં મુજ થકી નથી, ક્યાં જવું બીજે ?**
**ઢળેલો છું હું તો તુજ પદ, મને તું બચવજે.**

સાધકને ત્રસ્ત કરતા રિપુઓ કોઈ દુન્યવી માનવો નથી. દુન્યવી રિપુઓની તો સાધકને બીક છે જ નહિ; જે ભય છે તે તો સ્વભાવગત દુવૃત્તિઓ રૂપી રિપુઓનો.

મન આ રિપુઓથી આવૃત્ત છે. એમનાથી એને છોડાવવાનું છે, વૃત્તિનિરોધની ભૂમિકાએ સાધકને પહોંચવાનું છે. વૃત્તિનિરોધનો વિચાર ઊગ્યો છે; એનું સત્ય વસ્યું છે, પરંતુ એ વિચારને આચારમાં મૂકવાની સાધકની હામ નથી ! વિચાર—વર્તનનો આ વિસંવાદ કયા સાધકે સાધનાકાળમાં નહીં અનુભવ્યો હોય ? પૂ. મોટા સાધનાવસ્થાનું આ સત્ય પોકારે છે :

**વિચારોની સૃષ્ટિ મુજ જુદી, બીજી વર્તન તણી,**
**બન્યો છે બંનેનો હજીય સરખો મેળ ન કંઈ,**
**હજી દ્વિધા મારું જીવન વહતું, ના મટતું તે,**
**મુખે બોલું તેવી કરણી મુઝથી ના બનતી ને,**
**થતો ભારે તેથી મન-હૃદય સંતાપ ઝઘડો,**
**નિવેડો આવે ના પ્રભુજી ! કયમ ઉકેલ કરવો ?**

સત્યના અનન્ય સાધક મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે વિકારો રૂપી મળોની શુદ્ધિ કરવાને માટે હાર્દિક ઉપાસના જડીબુટ્ટી છે. એથી જ વાસનારૂપી મળને દૂર કરવા માટે પ્રભુહૂંફની અભીપ્સા સાધકહૈયું સેવે છે.

**ઊંડા ઘાલેલાં છે મૂળ વિષયનાં અંદર પ્રભુ !**
**હું જાણું છું તેવા કરી છૂટું ઉપાયો મથી બહુ.**
**ન મારી શક્તિ તે પ્રભુ ! ગણતરીમાં કંઈ કશી,**
**અગાડી હૂંફેથી તું જ, પ્રભુ ! ચલાશે મુજ થકી.**

અભીપ્સા ફળવતી બને એ માટે સાધકમાં વિનમ્રતા ઊગવી જોઈએ. એથી જ વિનમ્રભાવે શરણાર્થી બની એ પ્રાર્થના કરે :

**વિકારથી હું તો ભરચક ભરેલો હૃદય શું !**
**પ્રભો ! મેલોઘેલો તુજ ચરણ એવો શરણ હું;**

વિકારોની વિનાશકતા સમજાય છે, એને દૂર કરવાનો એથી જ પુરુષાર્થ કરવા માંડ્યો છે; હૃદ્‌વસ્ત્રની મલિનતા કહે છે એથી જ પ્રાર્થના વડે એની શુદ્ધિ કરવા માંડી છે, નમ્રતાપૂર્વક શરણાગતિ સ્વીકારી છે; એમ છતાંય મનની અવળચંડાઈ ભારે છે ! એક બાજુ હૃદયની ઉત્કટ અભીપ્સાથી અંતઃકરણશુદ્ધિનો પ્રયોગ થાય છે તો બીજી બાજુ ચિત્તમાં વિચારો, વિકારો હજીય કેડો ન મૂકે, એવો અનુભવ સાધક કરે છે ! શરણાગતિ સ્વીકારી છે, છતાંય ક્યારેક અહંકારે કદી કદી ફુલાઈ જવાય અને મન ઉપરનો કાબૂ ખોઇ બેસાય, એવી વિકલ વ્યથા અનુભવવી પડે છે ! આવી પળોમાં કૃપાબળ એ જ સાધનાનું જીવાતુભૂત તત્ત્વ બની રહે છે. સાધકનો આ શ્રદ્ધોદ્‌ગાર પૂ. મોટાની વાણીમાં સંભળાય છે :

**અહંકારે હું તો કદી કદી ફુલાઈ બહુ જઉં,**
**અને ખોઈ બેસું મન ઉપરનો કાબૂ પણ હું,**
**મને ત્યારે શો તું પ્રભુ ! કરી કૃપા જાગૃત કરે !**
**જીવાડે છે એવા કરી તું ઉપકારો પ્રભુ ! મને.**

પ્રભુકૃપા નિરંતર ટકી રહેશે ? સાધકનું મન આવી શંકા ઊઠાવવાનું જ ! અતીતની સ્મૃતિઓ કૃપાબળની શાખ આપે તોય સાધકમન એની સંદેહ-પ્રકૃતિ એકદમ છોડે કે ? મન હૃદયની ભાવનાને અનેક પ્રશ્નોથી મૂંઝવી નાખવાનું જ ! હૃદયમાં ભલેને શ્રદ્ધાસંસ્કાર હોય કે પ્રભુની ઓથ છે જ, પ્રભુ જેવા ન્યાયી અવર કોઈ જ નથી, અરે ! એની ઓથ ન હોત તો જીવનનું શુ નું શું થઈ ગયું હોત એની કલ્પના કરવી પણ અશક્ય, એમ પણ સાધકને થયા કરે; એમ છતાંય અળવીતરું મન એની જૂની પુરાણી ટેવો ભૂલવા જાણે તૈયાર નથી ! હૃદય—મનનો આ ઝઘડો સાધકને વિવશ બનાવી મૂકે અને આખરે અશરણશરણને જ પ્રશ્ન કરે :

**પ્રભો કેવી રીતે મુજ મન સુધારી શકું કહે ?**
**પડેલી ટેવોને ભૂલતું નથી કેમેય કરીને.**

એ સાથે શ્રદ્ધાથી 'જીવનનું ધ્યેય ન ફળે' ત્યાં સુધી જરીય પણ થોભ્યા વિના મથ્યો રહેવાનો જાણે સંકલ્પ પણ કરે :

**ઊભો થા જ્યાં સુધી તુજ જીવનનું ધ્યેય ન ફળે,**
**મચ્યો રે, શ્રદ્ધાથી જરીય પણ થોભ ન કહીંયે.**

કારણ, જો સાધક અવિરત મથ્યા રહેવાનું માંડી વાળે તો તો એની, જીવન ધ્યેયની પ્રાપ્ત કરવાની, સાધના એક પ્રકારનો મિથ્યાચાર જ કહેવાયને ? ઇન્દ્રિયોનું દમન કરી હૃદય-મનનો સંવાદ સ્થાપવા માટે તો દૃઢ વૈરાગ્ય ઉપજવો જોઈએ. સાધકે મંથન કરી સાધનાનો પંથ સાધવો જોઈએ; અંતર્મુખ બની આત્મવિકાસ સાધતા રહેવું જોઈએ. એથી જ સાધકનું અંતર્મુખી વ્યક્તિત્વ આવું હોય :

**બધી ઇન્દ્રિયોને સતત પ્રભુ ! હું રોકી શકવા,**
**મથું તોયે એના વિષયથી જતું ચિંત્વન ન કાં ?**
**પૂરો તેથી જાણું હૃદય નથી વૈરાગ્ય પ્રગટ્યો,**
**હશે મિથ્યાચારી મુજ સમ બીજો ક્યાંય પ્રભુ ! કો ?**

આવો સાધક સાધનાની ગહનતાનો સ્વીકાર કરી આખરે પ્રભુને કહે કે, તને સમજવા, હે પ્રભુ ! 'જેવો તેવો મુજથી બનતો યત્ન' તો કરું છું ! પરંતુ પ્રભુ ! તને પૂર્ણ પ્રાપ્ત કરી શકું, એ માટે 'ઝીણી બુદ્ધિ' તું આપ. અને અંતે પ્રભુપ્રેમ પ્રાપ્ત કરી રસબસ—બની રહેવા, પૂરા રંગે હૃદયને ભરવા, રગેરગમાં પ્રભુનશો અને મસ્તી—ખુમારી અનુભવવા હૃદયથી સાષ્ટાંગ પ્રણિપાત કરી અંજલિ અર્પે કે :

**પ્રભો ! સાષ્ટાંગે હું પ્રણિપત કરું છું નિત તને,**
**વળી કોટી કોટી નમન કરતો હું તુજ પદે,**
**હજારો, લાખો હું પ્રભુ ! ઉર પ્રણામો કરું તને**
**સ્વીકારી લેજે તું હૃદયથી દઉં અંજલિ તને.**

*('સ્મૃતિગ્રંથ', પ્ર. આ., પૃ. ૨૨-૨૩)*

## ૬. વિદ્યાર્થીઓ પોતાની રુચિ પ્રમાણે રોજિંદો અભ્યાસ કરે – શ્રીમોટા

ત્રણ વર્ગ પણ એક જ નાનો ઓરડો. એની અંદર બધા છોકરાઓ હોય. તોય પણ શાંતિ રહેતી અને દરેક વિદ્યાર્થી પોતપોતાની મેળે જ નક્કી કરતા. પોતાનો અભ્યાસક્રમ પણ એમની મેળે નક્કી કરે. એવી રીતે ટાઈમટેબલ બાઈમટેબલ રાખું નહિ. જો વિદ્યાર્થી એમ કહે આજે અમારે આખો દિવસ ગણિત જ ગણવું છે તો ગણિત જ ગણો. કોઈ કહે આજે અમારે શબ્દો જ પાકા કરવા છે તો શબ્દો પાકા કરે. કોઈ કહેશે આજે અમારે કવિતા જ મોઢે કરવી છે તો કવિતા મોઢે કરે. વર્ષને છ માસને કે ત્રણ માસને અંતે જેટલો અભ્યાસક્રમ સામાન્યપણે થવો એટલો થવો જોઈએ. એ નિયમ હું મારા મનથી રાખતો. પણ નિત્ય રોજબરોજનો જેને ફિક્સ્ડ નક્કી કરેલો એ કોઈ ધારાધોરણ મેં નહિ રાખેલું. વિદ્યાર્થીની પસંદગી પર બધું નક્કી કરી રાખેલું.

એટલે આ રીતે ત્રણેય વર્ગ પોતપોતાની રીતે પરોવાયેલા હોય, એટલે હું પોતે મારા પોતાના જ સાધનમાં ત્યારે. હું ભજન ત્યારે લખ્યાં કરું, પ્રાર્થના કરું, આત્મનિવેદન કરું, મહીં મહીંથી ભજન ગાતાં ગાતાં વર્ગ ચાલતો હોય તો પણ મને ભાવાવસ્થા થઈ જતી. નિશાળમાં ઘણીવાર અને આશ્રમ ચલાવતો ત્યારે હેમંતભાઈને મારી સાથે હતા. એમણે ઘણીવાર એવું જોયેલું.

એટલે આવી રીતે કેટલાક ફરિયાદ કરતા ખરા, કે આ ચૂનીલાલ ભગત છે એ તો કાંઈ ભણાવતા નથી ને ભજનો ગાયાં કરે છે. પણ આવીને કોઈ પણ ઉપરી અમારા મંત્રી સાહેબ આવીને તપાસ કરી જાય તો મારે ત્યાં વિદ્યાર્થીઓનો કોઈનો એક અક્ષર પણ એક શબ્દ સરખો ખોટો પડે નહિ. એક શબ્દ કહો. કારણ કે અઘરામાં અઘરા જોડણીના શબ્દો હોય તે તો રોજબરોજના અઠવાડિયામાં ત્રણવાર તો એને લખવાના જ. અઠવાડિયામાં ત્રણવાર લખવાના. એટલે એને તો ખોટા પડે નહિ અને રોજ ને રોજ ડિક્ટેશન એટલે ચોપડીમાં જોઈને સારા અક્ષરે પંદર લીટીઓ લખવાની, લખવાની ને લખવાની જ દરેક જણે. અથવા ઘરે ના લખાય તો આપણે નિશાળમાં ના લખાય તો ઘરેથી લખીને લાવો પાટીમાં. બેઉ બાજુએ. એટલે એવો પાકો નિયમ કરેલો એટલે એને ચોપડીમાં જોઈને કોઈ લખાવે પરીક્ષા લેવા આવનાર તો પણ સાચું. ખરું પડે. ગણિત પણ બધાને આવડે. દરેક એમ નહિ કે ત્યાં બેસીને દરેકે દરેક રોજના એકેએક મનોયત્ન રોજના ૨૦ દાખલા કરવાના, કરવાના ને કરવાના. તે એમાં મીનમેખ ફરક નહિ. ભૂગોળ તો દરેકે જેમ બધું બતાવેલું હોય તે દરેક એને પોતે જાતે દરેક વિદ્યાર્થી કોક એક દિવસ આનો વારો, એક દિવસ આનો વારો, આનો વારો. એ દરેકનો વારો વારાફરતી આવી જાય. બધાં શહેરો, નદીઓ, વિ. પહાડો બધે ક્યાં આવ્યાં છે, તે બધાને ખબર એટલે ગમે તે પૂછે ને તો તરત કહી દે.

એટલે એવી રીતે અભ્યાસમાં પણ વિદ્યાર્થીઓ બહુ આગળ રહેતા. અને પોતે પોતાની રીતે પરોવાયેલા હોય. હું મારા ભજનમાં હંઅ.... કેટલીકવાર ધ્યાનમાં પણ જઉં. મને વાંધો નહિ. મારું તો છોકરાઓ ભણતરમાં હોશિયાર થાય અને એમનું.... એમનો અભ્યાસ ન બગડે. બલ્કે અભ્યાસમાં આગળ ને આગળ ઊંચા રહે એ મારી નેમ હતી. ટેક હતો. તે પ્રમાણે બધું ચાલ્યાં કરતું. અને આવી રીતે હું મારી સાધનામાં રહેતો.

જેમ આગળ મને જે ભાઈએ પ્રશ્ન કરેલો કે ભઈ, મોટા, તમે કહો છો હું સતત સાધનાભ્યાસમાં રહેતો. તે તમે આવા વર્ગો ચલાવતા ને તમે કહો છો. ત્રણ વર્ગો છે મારી પાસે તે કેવી રીતે બને ? એના જવાબમાં મેં આપ્યું.

*(મોટાવાણી-૭, પૃ. ૪૪-૫૦)*

## ૭. શ્રેયાર્થી અને અનુભવી — કાર્તિકેય ભટ્ટ

કુલ ૧૬ કડીના આ અધ્યાયમાં શ્રીમોટા, શ્રેયાર્થી કે જે આત્મકલ્યાણમાર્ગનો પ્રવાસી છે અને મુક્તપુરુષ, જીવન્મુક્ત, જ્ઞાની જેને શ્રીમોટા 'અનુભવી' તરીકે વર્ણવે છે આ બંનેની વચ્ચેનો ભેદ, તફાવત બહુ જ સૂક્ષ્મતાપૂર્વક રજૂ કરે છે. નાનો દેખાતો આ અધ્યાય સમજવા માટે વિગતવારનું સ્પષ્ટીકરણ માગી લે છે. શ્રીમોટા શ્રેયાર્થીના સદ્‌લક્ષણોની વાત કરે છે :

**"નિમિત્ત સહુ કોઈને મળ્યા કરતું જીવને,**
**નિમિત્તથી જે હેતુને લક્ષ ફળાવવા જ છે.**
**કિંતુ શ્રેયાર્થી જે સાચો ભૂલે છે તે ન હેતુને,**
**સન્મુખતા સદા કેવી રાખ્યા તેજસ્વી તે કરે !"૧-૨**

અનેક જાતનાં નિમિત્ત (સારું-ખોટું પ્રારબ્ધ) જીવને મળે છે, પરંતુ તે પણ અતિક્રમી જઈને શ્રેયાર્થી, જેને શ્રીમોટા ભાગ્યશાળી જીવ તરીકે વર્ણવે છે, તે પોતાનાં ધ્યેયને નજર સમક્ષ રાખીને પોતાનાં સ્વકલ્યાણના માર્ગને વળગી રહે છે. શ્રી એ.જી. ભટ્ટ સાહેબ લખે છે : "જે શ્રેયાર્થી જીવ છે તે રાગનું નિમિત્ત પ્રાપ્ત થતાં રાગભર્યું અને દ્વેષનું નિમિત્ત પ્રાપ્ત થતાં દ્વેષભર્યું વર્તન કરતો નથી. તે તો આવાં નિમિત્તનાં (પ્રારબ્ધમાં) મૂળમાં પ્રકૃતિ જ રહેલી છે એમ સમજીને નિમિત્તમાં ભેરવાઈ ન જતાં અનાસક્ત ભાવે વર્તે છે. સંસારમાં આપમેળે પ્રાપ્ત થતું કર્મ પણ નિમિત્ત છે. શ્રેયાર્થી તેવા કર્મને નિષ્કામપણે યજ્ઞભાવથી આચરે છે. સંસારી (જીવદશાવાળો) તેને પ્રાપ્ત થતાં નિમિત્તમાં અન્યના દોષ જુએ છે, જ્યારે શ્રેયાર્થી તેમ થવામાં પોતાના દોષ જુએ છે. અને આત્મનિરીક્ષણ કરવા પ્રેરાય છે. શ્રેયાર્થી પ્રાપ્ત (પ્રારબ્ધ) નિમિત્તને આત્મકલ્યાણનો ભાવ પ્રેરવાનું સાધન માને છે."

**"અનુભવીનું ઠેકાણું નિમિત્તો વર્તવાતણું,**
**આમ કે તેમ કો રીતે કહી શકાય ના કશું." ૧૩**

શ્રીમોટા કહે છે : "શ્રેયાર્થીનું વર્તન વિવેકગુણથી સંપન્ન હોય છે, જ્યારે અનુભવીનું વર્તન આવું યોગયુક્ત કદી હોતું નથી. અનુભવીનાં વર્તનનાં ધારા-ધોરણ અનોખાં હોય છે." શ્રીમોટા કહે છે : "ત્રિગુણાતીત પુરુષ (અનુભવી)ની જીવનપદ્ધતિ અનોખી હોય છે. તેનાં વર્તનનાં ધારા-ધોરણો, રીતરસમો વગેરે જીવોને ન સમજાય તેવાં હોય છે."

લોકોત્તર સિદ્ધપુરુષોનો વ્યવહાર બાળક, મૂઢ, ઉન્મત કે પિશાચ સમાન હોય છે - હોઈ શકે છે. તેમનાં બાહ્ય આચરણો વિધિ-નિષેધથી પર હોય છે. **સંસારના બંધનમાં પડેલો દરેક જીવાત્મા પ્રકૃતિને તાબે થઈને વર્તે છે, પરંતુ અનુભવીને પ્રકૃતિ છે, પરંતુ તે પ્રકૃતિનો ગુલામ નહિ, પરંતુ પ્રકૃતિનો સ્વામી હોવાથી પ્રકૃતિનો સાધન તરીકે ઉપયોગ કરે છે."** સ્વામી શ્રી વિશુદ્ધાનંદ પરમહંસ કહે છે : "જો મહાપુરુષ (અનુભવી) જડવત્, ઉન્મત્તવત્ અને પિશાચવત્ આચરણ કરે તો શું તમારું ધ્યાન એટલું છે કે એના બહારના દેખાવ પાછળ છુપાયેલ મહાપુરુષને ઓળખી શકો ?" સ્થૂળ, લિંગ (સૂક્ષ્મ) અને કારણ એમ બધાં શરીરોમાં તે જોવા મળે છે, પરંતુ સાધારણ વ્યક્તિ માટે સ્થૂળ દેહનાં લક્ષણ સિવાય અન્ય કોઈ દેહનાં લક્ષણનું પ્રયોજન રહેતું નથી, કારણ કે એ દેહોની (અનુભવીઓની) વિશિષ્ટતાનું જ્ઞાન સાધારણ જીવને હોતું નથી."

શ્રી રમણ મહર્ષિ અનુભવી મહાત્માઓનાં દુર્ગમ વર્તનની આલોચના કરવાની ના પાડે છે. તેમણે કહ્યું છે : "જ્ઞાનીના - મુક્તાત્માના (અનુભવીના) બાહ્ય દેખાવ કે દેખીતા આચરણ માટે એમની નિંદા કરવાની ભૂલ ન કરવી જોઈએ, તે બધું જ બીજાંઓ માટે કરે છે. જો એણે બીજાંઓના હિત માટે કંઈ કાર્ય કરવાનું હોય તો એ કરે છે, પરંતુ આવાં કાર્યોનાં પરિણામથી તે અસ્પૃષ્ટ રહે છે. એ જે કંઈ પણ કરે એનાથી પાપ કે પુણ્ય એને લાગતા નથી છતાં

જ્ઞાનીઓ દુનિયામાં જેમને બધાં સ્વીકારે અને યોગ્ય માને છે, તેવાં કામ જ એ કરે છે, બીજાં નહિ.''

શ્રીમોટા શ્રેયાર્થીને ચેતવણી આપતા કહે છે : **''શ્રેયાર્થીએ પોતાનાં વર્તનનાં ધારાધોરણ જાળવી રાખવા જોઈએ. શ્રેયાર્થીએ પોતાનાં આત્મકલ્યાણના પથ પર ચાલીને જીવનને પામી જવાનું છે, પોતાની પહેચાન કરી લેવાની છે. આથી અનુભવીની પેઠે વર્તવાનું રાખવું ન જોઈએ.''**

**''જ્યારે શ્રેયાર્થીનું યોગ્ય વર્તવાનું નિમિત્તમાં,**

**જીવન કરવા ઊર્ધ્વ તેનું વર્તવું ત્યાં સદા.'' ૧૪**

અનુભવીના વિશિષ્ટ વર્તન-વ્યવહારને અતિ સ્પષ્ટ કરતો વાર્તાલાપ શ્રીમોટા અને શ્રી એ. જી. ભટ્ટસાહેબ વચ્ચે થયો હતો. તેનાં કેટલાંક અંશો નીચે ઉદ્ધૃત કર્યાં છે.

**ભટ્ટસાહેબ :** ''જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ અનુસાર વર્તે છે. પ્રકૃતિથી પર થયેલો જ્ઞાની સ્વપ્રકૃતિ અનુસાર વર્તે તો જ્ઞાની અને અજ્ઞાનીમાં શો ફેર ?''

**શ્રીમોટા :** ''જીવ જ્યારે ચેતનામાં નિષ્ઠા પામે છે ત્યારે તેનામાં રહેલો પુરુષ જાગ્રત બની જાય છે. પુરુષના આધાર વડે જ એની અનુમતિથી પછી પ્રકૃતિ બધાં કામ કરતી થાય છે. કોઈ જ્ઞાની કે અનુભવી ભગવાનનો પ્રેમીભક્ત, જગત સાથેના વ્યવહારમાં તો જગતના સામાન્ય માનવી જેવો જ લાગ્યા કરવાનો, એની દ્વંદ્વાતીત વૃત્તિ જેમ કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે તેનાં મૂળ સ્વરૂપમાં નહિ હોય; પરંતુ તેવા પ્રકારની રૂપાંતરિત ભાવના તેના જીવનમાં પ્રગટેલી રહે છે ખરી.''

''પહેલાં જેમ જીવદશાની પ્રકૃતિની વૃત્તિઓ તેમ તે વેળા બીજા જીવોની સાથે ઉપભોગમાં ખપમાં આવતી હોય તેમ હવે તે તે વૃત્તિની પેલી રૂપાંતરિત થયેલી ભાવના ભાગવત હેતુ અર્થે બીજા જીવના જીવન પરત્વે ઉપયોગમાં પ્રવર્તે છે. વિષ-ઝેર આમ તો પ્રાણનાશક છે, પરંતુ યોગ્ય રીતે મારેલું ઝેર દવા તરીકે ઘણું જ પ્રાણવાળું અને જીવન ઉગારનારું નીવડે છે.''

ઉપરોક્ત વાર્તાલાપને અંતે ભટ્ટસાહેબે જે નોંધ કરી છે તે પણ અત્રે ઉલ્લેખનીય બને છે : ''શાસ્ત્રના મર્મને બૌદ્ધિક ધોરણે સમજવા મથતાં સાચા જિજ્ઞાસુને પોતાના પ્રશ્નોનું નિરાકરણ (શ્રીમોટાની આ વાતથી) મળી જાય છે, તથા અંતરની સૂઝ કેળવાય છે.''

છેલ્લે શ્રીમોટા કહે છે : ''શ્રેયાર્થી એ શ્રેયાર્થી છે અને અનુભવી એ જીવન્મુક્ત છે. શ્રેયાર્થી પોતાના વ્યવહાર - વર્તનમાં ગમે તેટલો પૂર્ણ હોય તો પણ તે નિમિત્તની બાબતમાં જ્ઞાનીની -અનુભવીની બરાબરી કરી શકે નહિ. આગળ ઉપર જોઈશું : 'અનુભવીને જે નિમિત્ત જીવો સાથે મળ્યું છે તે જીવોનાં કલ્યાણને પ્રેરનારું અને આગળ લઈ જનારું હોય છે.'

**''તેવો ને તેટલો યોગ્ય શ્રેયાર્થી પૂર્ણ વર્તને**

**બરાબરી નિમિત્તે તે જ્ઞાનીની ના કરી શકે.''**

*(પૂ. શ્રીમોટા વિરચિત -'નિમિત્ત' એક અભ્યાસ પ્ર. આ. પૃ. ૫૧-૫૩)*

## હરિઃૐ આશ્રમને મળેલ દાન

| | | |
|---|---|---|
| (૧) | જૂન - ૨૦૨૪ | ૩,૪૯,૫૮૧.૦૦ |
| (૨) | જુલાઈ - ૨૦૨૪ | ૮,૩૦,૦૬૭.૦૦ |

શ્રી હરિ મોટા દાન આપનાર સર્વે સ્વજનોનું યશ-કલ્યાણ પ્રેરે તેવી હૃદયથી પ્રાર્થના.

# ૮. ગુરુ એટલે શું ? – શ્રીમોટા

**શ્રીસદ્‌ગુરુ એટલે કંઈ શરીર નહિ. તેમ તેની તેજસ્વી પ્રભા પણ નહિ. પરંતુ તેના જીવનની કોઈ અલૌકિક દિવ્ય, રમ્ય ને ભવ્ય શક્તિ, ને તેના જીવન દ્વારા ગતિમાન થઈ રહેલું, વ્યક્ત, ક્રિયામાણ થઈ રહેલું જીવંત દૈવત. ગુરુ એ તો ભાવરૂપે જ છે.** સાધક એક વખત પોતાના જીવનમાં ગુરુની આવશ્યકતા સ્વીકારી લે છે, તે પછી તેની મહત્તા સમજાયા વિના રહેતી નથી. **ગુરુ એટલે એના જીવનવિકાસનાં પગથિયાં ચડાવતી જનારી નિસરણી.** ગુરુ એટલે સર્વ બાબતોમાં સર્વ વ્યવહારમાં તેમજ સર્વ પ્રકારના આચાર વિચારમાં તેની ઉચ્ચતર ભૂમિકા સાથે જોડનારી સાંકળ. વિશ્વમાં જે ચેતનાશક્તિ જડ, જડ અને ચેતનની વચ્ચેની મધ્યમાવસ્થા તથા ચેતન - એ ત્રણેમાં ઉત્તરોત્તરપણે પડી રહેલી છે તથા તે બધાનો વિકાસ જેથી થાય છે, તે બધું બતાવનાર જીવન તે ગુરુ - **ગુરુ એટલે વિશ્વની પ્રત્યેક વસ્તુનું કોઈ પરમ ચેતનાશક્તિ સાથે શા માટે અને કેવી રીતે સંકળાવાનું બને છે, તે સમજાવનાર જ્ઞાનશક્તિ.** વળી ગુરુ એટલે તે કે જેના હૃદયના સાથ વડે સમગ્ર બ્રહ્માંડનો, ભગવાનનો હેતુ શો છે તે સમજાય અને પ્રત્યેક ક્ષણે ક્ષણથી પણ નાનામાં નાના સમય દરમિયાન ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું જે લીલાનૃત્ય સમસ્ત વિશ્વમાં ચાલી રહ્યું છે, તે પ્રત્યક્ષ દેખાય તથા આપણા પોતાના જીવનમાં પણ એવું જ લીલાનૃત્ય ભજવાઈ રહ્યું છે, તે પણ અનુભવાય.

સદ્‌ગુરુ પ્રત્યે સાધકનું આકર્ષણ વધ્યા કરતું હોય છે, તેમ અનેક ગુણોનો તેણે આશ્રય લેવાનો હોય છે. પણ તે માત્ર સાધન તરીકે જ. ગુરુભાવ પ્રત્યેનું પોતાનું સમગ્ર જીવનનું દૃષ્ટિબિંદુ કેળવાયા કરે તે માટે સાધક હૃદયથી ભાવપૂર્વક અનેક ઉપાયો લેતો હોય છે. **તે કોઈને કોઈ રીતે પોતાના નકારાત્મક સ્વભાવનું રૂપાંતર પમાડવાનો ખ્યાલ રાખ્યા કરીને હૃદયની ઉત્કટ ભાવનાથી ગુરુના શરણભાવમાં પડ્યા રહેવાનું જ્ઞાન ભાવે કરે તો જીવભાવનું પરિવર્તન થવું ઘણું સહેલું થઈ પડે** અને એવા પ્રેમભક્તિજ્ઞાનયોગના ગુરુ પરત્વેના શરણભાવમાં શરણ ગયેલાને માત્ર સમર્પણ જ કર્યા કરવાનું રહે છે. હૃદયના ભાવપૂર્વકના એવા સમર્પણયજ્ઞમાં તે પોતે સતત આહુતિ આપ્યા જ કરે છે. ને એ રીતે એ પવિત્ર થતો જાય છે. આ કારણસર સમર્પણની અનેક રીતોમાંનો એક રિવાજ ગુરુચરણે કંઈ ને કંઈ સમર્પણ કરવાનો પડેલો હશે.

*(જીવનસંદેશ, પૃ. ૩૮)*

### સદ્‌ગુરુ

સત્સંગ આદિ ભાવનામાંથી ક્રિયાત્મક શક્તિનો પ્રવાહ ન જન્મી શકે તો માનવી જીવે વિચારવું રહ્યું. સદ્‌ગુરુના ચિંતવનનો ધોધ સતત એકધારો ચાલુ વધ્યા કરવો ઘટે. જે માર્ગે જવું છે એ માર્ગ ઉપર જીવનું દૃઢ, નિશ્ચયાત્મક વલણ એકાગ્રપણે કેન્દ્રિત થયું નથી. જીવનનું ચિંતવન કર્યા વિના અથવા તો એનું એકધારાપણું કોઈને કોઈ રીતે ચલાવ્યા કર્યા વિના માનવીનું મન પીગળી શકતું નથી.

*(જીવનસંદેશ, પૃ. ૪૨-૪૩)*

### સદ્‌ગુરુની ભાવનાને લાયક

સદ્‌ગુરુની ભાવનાને લાયક થવું ને એની પસંદગીમાં આવવું એટલે જીવનના વિકાસની સમગ્રતામાં પણ પ્રગટતાં રહેવું. પસંદગી થયા વિના કોઈ કોઈને સ્વીકારી શકતું નથી. પસંદગીની ભાવનામાં પોતાની તેના પરની પ્રસન્નતા પ્રગટેલી છે. તેવો પણ ભાવ રહેલો હોય છે. **સાધના મહાન પરાક્રમી નર કાજેની છે. એમાં જેવા તેવાનું કામ નથી.**

*(જીવનસોપાન, પૃ. ૨૨૩))*

## ૯. પૂજ્ય શ્રીમોટાનો અપ્રગટ પત્ર — શ્રીમોટા

**શ્રી દોરાસ્વામી જે શ્રીઅરવિંદના અંગત સ્નેહી અને પ્રેમી હતા, તેમના દીકરાનું યુદ્ધમાં અવસાન થયા પછી પૂજ્ય શ્રીમોટાએ તેમને લખેલો પત્ર.**

પ્રભુની રચનામાં જે ભયંકરમાં ભયંકર લાગતું હોય તે પણ તેના વિકાસના હેતુ અર્થે જ થતું હોય છે. ભારતના સમગ્ર સમાજના ઘોર તામસયુક્ત જીવનને જગાડવા, ઉઠાડવા માટે એવી ભયંકર મુસીબતો, વિઘ્નો, મુશ્કેલી, આફતો, દુઃખ આવું બધું અનિવાર્ય છે. ભગવાન આપણું કલ્યાણ કેવી રીતે કરવા ચાહે છે તેની આપણને કશી જ ગતાગમ નથી હોતી.

પ્રભુ પર ભલેને શ્રદ્ધા, વિશ્વાસ કોઈને જરા પણ ન હોય, તેમ છતાં પ્રભુ કાંઈ થોડો જ તેને છોડી દેતો હોય છે. જીવન કાંઈ હાલ જેટલું ને જેવું છે તેટલું જ હોય છે એવું કશું નથી. જીવન તો પહેલાં પણ હતું અને હવે પણ છે ને પછીથી પણ હોવાનું જ. જીવનનાં અનંત પાસાં છે. ને તે પ્રત્યેક પાસામાં એના દર્શનનો તેનો અનુભવ થવાની આવશ્યકતા રહેતી જ હોય છે. સોનાનો કે લોઢાનો આકાર ઘડવાને કાજે એને જે ભયંકર ગરમીમાંથી પસાર થવું પડે છે ને એને ભારેમાં ભારે હથોડાના ઘા એરણ પર સહેવા પડે છે. એવી એની સ્થિતિ તે પણ તેને તેના ઘડવાની જ ભૂમિકા હોય છે. પરંતુ તેનું આપણને જીવતું જાગતું ભાન પ્રકટેલું હોતું નથી. આપણે જીવનની કારમામાં કારમી પરિસ્થિતિમાં જે મૂકાઈ જવાનું બને છે ને તેથી જીવન જે ભારે ઝંઝાવાતોથી પછડાઈ પછડાઈને જે દુઃખના ગર્તમાં પડી જઈને ત્યાં જે એની કારમી નિરાશાવાળી દશા પ્રકટે છે તેવી દશામાં ક્યાંય કોઈપણ દિલાસો દિલને ખપમાં લાગતો હોતો નથી. દિલ દિલથી દિલમાં સાવ નોંધારું એકલું એકલું થઈ જતું હોય છે. ને ત્યારે જીવન એક બોજારૂપ પણ કેટલાકને લાગે તે સ્વાભાવિક છે.

પ્રત્યેક જીવન જેને સમજણ તે તે કાળે જે તે પ્રમાણેની સમજણ પ્રવર્તતી હોય છે તે તે પ્રકારની સમજણ તેના જીવનના આગળના તબક્કામાં તેવી ને તેવી જ પ્રવર્તતી હોય છે એવું કશું નથી.

કુદરતના કાયદામાં પ્રત્યેક ફેરફાર હોયાં જ કરે છે. ફેરફાર એ તો એનો સનાતન અધિમય કાયદો છે. એવા ફેરફાર દ્વારા જ કુદરત જેને તેને ઘડતી હોય છે. જગતમાં કશું પણ ફેરફાર પામ્યા વિના રહી શકતું નથી. અંધકાર ગમે તેવો ગાઢ હોય છે છતાં પ્રકાશ ફરી પ્રકટવાનો જ હોય છે, એટલું જ નહીં પરંતુ ગાઢ અંધકાર હોય છે જ. પરંતુ જે જે પ્રમાણે તે પરખાતું હોતું નથી. તે પ્રકાશ પરખાતો હોતો નથી. તેમાં કંઈ પ્રકાશનો દોષ હોતો નથી. આપણે પ્રકાશ પરત્વે જ્ઞાનભક્તિપૂર્વક સ્વીકાર ને સભાનતાની ભૂમિકાવાળા હોતા નથી.

પ્રત્યેક જીવની જે જે કાળે જે જે સમજણની સ્થિતિ પ્રકટે તેમાંથી જો મુક્ત થવાની એને અદમ્ય પ્રેરણા જાગે તો તેવી સમજણની દશામાંથી પણ તે પ્રભુકૃપાથી મુક્ત જરૂર થઈ શકે. **નહિતર તો માનવી તેવી ને તેવી તેની તેવી જ દશામાં પડ્યો જ રહ્યાં કરવાનો ને જે ઊઠે જ નહીં જાગે જ નહીં, જે જાગી ઊઠી મથે જ નહિ તેને તો કોણ ઊઠાડી શકે ને જગાડી શકે !** પ્રભુ તો સદાકાળ આપણી સાથે જ રહેલા હોય છે ને આપણા જીવનમાં તે ઓતપ્રોત વણાયેલા જ હોય છે.

સમગ્ર સમાજને તેવી જ રીતે વ્યક્તિને પણ તે તેને ઘડવાની પ્રક્રિયામાં હોય છે.

સમાજના જીવનમાં જ્યારે જ્યારે ઘોર તામસ પ્રવર્તેલું રહ્યાં કરેલું હોય છે, તે તે પોતે જ્યારે આળસ મરડીને બેઠો થઈ શકતો નથી, ત્યારે ત્યારે કુદરત તેવા સમાજને પારાવાર મુશ્કેલીઓ, ઘોર વેદના,

દુઃખો, કોયડાઓ વગેરે જીવનમાં પ્રેરાવી-પ્રેરાવી તેને જાગ્રત કરવાને મથે છે. તેવી જ રીતે વ્યક્તિનું છે.

કોઈપણ શરીરધારી ચેતનાત્મક આત્મા સાથે કોઈ અકળ એવા કારણથી પ્રભુકૃપાથી કોઈપણ રીતે મદદકર્તા થઈ પડ્યા હોઈએ છીએ તો તેવું આપણે જીવનમાં ઊગી નીકળ્યા વગર રહી શકતું નથી. આપણે જ્ઞાનભક્તિપૂર્વકનો સ્વીકાર ને સભાનતાની ભૂમિકાવાળા જો નથી હોઈ શકતા તો તેથી કરીને પણ તે બેઠો નથી રહી શકતો. તો જીવનમાં અનેક ઊથલપાથલો કરાવ્યાં જ કરવાનો. ની જગાડવાની, બેઠા કરવાની ને મથાવવાની રીત તો ની પોતાની આગવી ને સ્વતંત્ર હોય છે. જે આપણી સમજણના ચોકઠામાં બરાબર બંધબેસતી ના હોય, તેથી કરીને તે કંઈ પણ યથાર્થ નથી એમ તો નહીં જ કહી શકાય. એકવાર આપણાં પાનાં જો એવાની સાથે પડી ચૂક્યાં ને આપણે ગમે તેટલા ભલેને હાલીએ ચાલીએ નહિ ને ભલેને ઘડીવાર એમ માની લ્યો કે એનાથી વિમુખ થયેલા હોઈએ તો પણ તો કામ કર્યા જ કરવાનો છે. તો એક પ્રકારના જુદા-જુદા આઘાતો પ્રેરાવી પ્રેરાવીને અંતરની ભૂમિકાને જાગ્રત કરવાને મથ્યા કરવાનો જ છે. તે પ્રભુકૃપાથી આપણી અજાણમાં પણ આપણને કોઈ ને કોઈ રીતે મથાવ્યાં કરવાનો છે. આવા પ્રકારના અંધકારને સકળ આધારને પણ ઊથલપાથલ કરી મૂકે એવા પ્રસંગો પણ જીવનમાં પ્રકટવાના જ છે. જ્યાં સુધી આપણે તેને જ્ઞાનભક્તિપૂર્વક ભાવથી પ્રત્યુતર આપતા નહીં થઈ જઈ શકીએ, ત્યાં સુધી આવી પ્રક્ટેલી પ્રક્રિયાને હવે આપણે કોઈ ઉપાયે થોભાવી શકવાના નથી. આવું બધું આપણને રુચે કે નહિ તો પણ આપણી રુચિ કે અરુચિનો પ્રશ્ન રહેતો નથી.

ઘણીવાર તો તે માનવીને દુઃખના ગર્તમાં નાંખીને પણ ઘડતો હોય છે. ઘણીવાર આઘાત-પ્રત્યાઘાત પ્રેરાવીને પણ ઘડી શકે છે. કેટલીકવાર તો કેટલાક ઉચ્ચ કક્ષાએ સાધનાની ભૂમિકામાં પ્રકટેલાં જીવને પણ ઘોર તામસની ખીણમાં પ્રવેશાવીને ત્યાં તેને પડ્યો રહેવા દઈ અને તે રીતે પણ તેનું ઘડતર કરે છે. આ વિધાન કદાચ વિરોધવાળું લાગે તેમ છતાં તે અનુભવની હકીકત છે. કોઈક કોઈક જીવોને વૈભવ વિલાસની સ્થિતિમાં પ્રગટાવીને તે તે જીવોનું ઘડતર પણ તે દ્વારા તે કરતો હોય છે. કેટલાક જીવને તો જીવદશાની નકારાત્મક tendencyમાં પ્રકટાવીને પણ તે તેવા જીવનું ઘડતર કરી શકે છે ખરો. આવા બધા કિસ્સાઓમાં જે કોઈ જીવને મળેલી પરિસ્થિતિ વિષેના હેતુની સભાનતા પ્રકટે છે, તેવા જીવનો ઉઠાવ જલ્દી થાય છે.

આવા ચેતનાનિષ્ઠ-ચેતન પામેલા શરીરધારી આત્મામાં આપણા હૃદયના જ્ઞાનભક્તિપૂર્વકના હેતુમૂલક શ્રદ્ધા, વિશ્વાસ જો જીવતાં-જાગતાં પ્રકટી ગયા હોય તો તેવા જીવનું કલ્યાણ નિશ્ચિત છે.

મનુષ્યમાત્રના જીવનમાં ભગવાન પોતે ભાગ લઈ જ રહેલો હોય છે. પરંતુ તે પરત્વેની એ જે (માનવીને) સભાનતા પ્રકટેલી હોતી નથી. તે જ એક માનવીને માટે મોટી ખાટલે ખોડ છે. જડ જેવી વસ્તુઓ પર વનસ્પતિ, પ્રાણીમાત્ર પર શ્રીપ્રભુની - ચેતનની અસર તો હોય છે જ. **માનવી ભગવાનને ભજતો નથી હોતો. એટલું જ નહિ પરંતુ શ્રીભગવાનનો જે શત્રુ બનેલો હોય છે કે વિરોધી હોય છે અથવા તો જે તેનું અસ્તિત્વ મુદલે સ્વીકારતો હોતો નથી તેવાનામાં પણ શ્રીપ્રભુ ભાગ ભજવી રહેલો હોય છે જ. જડ પર, વનસ્પતિ પર, પ્રાણી પર, આ બધા પર સૂર્ય, ચંદ્રની અસર છે જ ને વરસાદ પણ તેમના પર પડે છે. આ તો એટલું બધું સ્પષ્ટ છે કે તે માનવીની બુદ્ધિને કબૂલવું પડે તેવું છે.** માનવીને પણ પ્રાણીમાત્રને વનસ્પતિ સુદ્ધાંને તેજ, પવન, પાણી વિના ચાલી જ ન શકે, ને તેમના વડે જ તેમનું જીવન ટકે છે. પોષાય છે. જીવનને માટે તે કેટલા બધાં કિંમતી છે,

અતિ મહત્ત્વનાં છે. તેમ છતાં માનવીના દિલમાં તેમનું તેમનું કશું પણ મહત્ત્વ જાગતું જ નથી. એ તો દીવા જેવું ઉઘાડું છે. પવન, તેજ, પાણી, જમીન (પૃથ્વી) વિના તો માનવીને, પ્રાણીને, વનસ્પતિને કદી પણ ચાલી જ ન શકે. પળે પળે તો તે તે બધાંનો ખપ છે. જેના વડે કરીને જે જે તે બધું જીવતું હોય છે. તેમ છતાં તે બધામાં માનવી વધારે અજ્ઞાન છે. તેમ છતાં માનવીનું દિલ તે પરત્વે કદરદાનીભર્યું જ્ઞાન કદી પણ જાગેલું હોતું નથી. બલ્કે તે પરત્વે, સદા સર્વદા તદ્દન અજ્ઞાન છે. આવું હોવા છતાં ભગવાનની કરુણા તો અપરંપાર છે.

**જીવનનો વિકાસ થવા કાજે ચેતન પરત્વેની સભાનતા પ્રકટેલી હોવી એ અત્યંત આવશ્યક પગલું છે. તે વિના વિકાસ કદી પણ શક્ય નથી. આપણે ના પરત્વે રહ્યાં કરીએ છીએ પરંતુ તે રહેતો નથી. જીવનમાં ચેતનને સક્રિયપણે કામ કરતો જો આપણે અનુભવેલો હોય તો ચેતન પરત્વેનાં આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહં, એકાગ્રતાથી કેન્દ્રિતપણે સતત જીવતાંજાગતાં પરોવાયેલાં હોવાં ઘટે. તો જ જીવનમાં પણ આપણે તેવું જરૂર અનુભવી શકીએ જ.**

ઉપર જે વર્ણવેલા એવા શરીરધારી આત્મા છે તેઓના માથા પર કોઈપણ જાતનું ઋણ તો હોતું નથી. તેમને થયેલી મદદ ભલેને પછીથી તો અજ્ઞાનપણે થયેલી હોય, તે મદદનો તેવા તેવા આત્મા સ્વીકાર કરે છે ને એવી તેમને થયેલી મદદ તેમનો ભગવાન પોતે ભગવાનના ભક્તને થયેલી મદદનું ઋણ વાર્યા વિના રહેતો નથી. ભક્ત તો કશું જ પાછું વાળી શકે તેમ નથી. એનું તો જે બધું એના ભગવાન પર જ છોડી દેતો હોય છે. ભગવાનની ઘડવાની રીત પણ એની પોતાની સ્વતંત્ર તદ્દન નિરાળી, અગમ્ય, આગવી ને અનોખી હોય છે. ભગવાન પોતે અનેક જુદી જુદી રીતે માનવીને ઘડતો હોય છે. એની ઘડતરની ક્રિયા માનવીનાં મન, બુદ્ધિ તો અનેક મડાગાંઠોથી, પૂર્વગ્રહોથી ને ટૂંકી અજ્ઞાનયુક્ત સમજણોથી મર્યાદિત થયેલી હોય છે. એવી બુદ્ધિથી ભગવાનને કે તેની કૃપાને કે ભગવાનની માનવી ઘડવાની કળાને કદી સમજી શકવાની શક્યતામાં જ હોતો નથી. આવું હોવા છતાં ભક્તને કે એવા શરીરધારી આત્માને કરાયેલી કોઈપણ જાતની મદદ કદી અફળ જઈ શકતી નથી. ક્યારે કેવી રીતે ઊગે એની રીત તો એની પોતાની જ છે. મદદની રીતે મદદની જાતમાં જ ફળે તેવું પણ હોતું નથી. દરેક વ્યક્તિની બાબતમાં તે જુદી જુદી જ હોયાં કરવાની.

— મોટા પૂ. શ્રી મોટાવાણી-૫-૬ પૃ.

**હરિઃૐ ગુંજન - પાછલા અંકની ભૂલ સુધારણા**

હરિઃૐ ગુંજનના અંક - જુલાઈ-ઑગસ્ટ-૨૦૨૪નો લેખ **હરિઃૐ આશ્રમનાં મૌન મંદિરનું ગુઢત્વ**

(૧) પાના નંબર-૧૨ બીજી કોલમ બીજી લાઈન - **કારણથી શરીરના** બદલે **કારણ શરીર**

(૨) પાના નંબર-૧૨ બીજી કોલમ છેલ્લેથી બીજો ફકરો બીજી લાઈન - **સામે** ના બદલે **સાથે**

(૩) પાના નંબર-૧૫ - પહેલું કોલમ, પહેલો ફકરો, નવમી લાઈન,

સુખનો અનુભવ **થાય** જ નહિ - ને બદલે સુખનો અનુભવ **જાય** જ નહિ.

**રહી ગયેલ ભૂલ બદલ હરિઃૐ ગુંજનના સંપાદક ક્ષમા પાઠવે છે**

## ૧૦. પૂજ્ય શ્રીમોટાની ધર્મભાવના — ડૉ. ચીનુભાઈ નાયક

**"માનવીનું જીવન એ માત્ર વૈતરું નથી. જીવન અનેકરંગી હોવા છતાં જીવનનો રંગ ન્યારો છે. એટલે જે જીવનને જીવી જાણશે તેનો જ અંતે ઉદ્ધાર થવાનો છે."** માનવજીવનમાં આ પ્રકારની શ્રદ્ધા પ્રગટાવનાર પૂજ્ય મોટાની ૯૩મી જન્મજયંતી તેમના સ્વજનોએ ઉત્સાહ અને ભાવપૂર્વક અમદાવાદમાં ઊજવી. **સંસારમાં તેમના દેહનું અવતરણ ભાદરવા વદ ચોથના દિવસે થયું. ગરીબ ભાવસાર કુટુંબમાં જન્મેલા ચૂનીલાલે અનેક પ્રકારની કઠોર સાધના કરીને 'મોટા' તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી.** ગાંધીજીના અંતેવાસી પરીક્ષિતલાલ મજમુદાર સાથે વર્ષો સુધી હરિજન સેવક સંઘમાં સેવાઓ આપી. શિક્ષક તરીકે તેઓ પછાતવર્ગના બાળકોને ભણાવતા પણ હતા ! સાધના કરતા પરિણામે કુટુંબીજનોની નજરે તેઓ ગાંડા કહેવાતા હતા. તેમના આ પ્રકારના ગાંડપણમાં કેટલું શાણપણ પડેલું હતું તેનો પુરાવો તેમના જીવનકાર્યમાં પડેલો છે. **અજ્ઞાન, પ્રમાદ અને આળસમાં પડેલા સમાજને બેઠો કરવા માટે તેમણે પોતાનાથી બનતું કર્યું.**

પ્રજામાં વ્યાપેલા 'ધર્મ' વિશેના ખ્યાલો અંગે તેઓને ભારે અણગમો હતો. તેઓ કહેતા, આપણા સમાજમાં ધર્મ વિશે સાચી સમજણ પ્રકટેલી લાગતી નથી **ધર્મ એટલે શું ? બે માળા કરવી, ઘીનો દીવો કરવો, દેવદર્શને જવું, કથા વાર્તા સાંભળવી, કોઈ મહાત્મા પધાર્યા હોય તો તેમના દર્શને જવું, ભાગવત સપ્તાહ હોય તો કથા સાંભળવી. આટલી હકીકતમાં ધર્મની સમજણ ધરાવાય છે. મારી દૃષ્ટિએ આને ધર્મ કહેવાય નહિ. એ તો અજ્ઞાન છે."** ધર્મ અંગે ગુરુકૃપાથી તેઓને જે સાચી સમજ પ્રાપ્ત થઈ હતી તે સમજાવતાં કહે છે, **"વહેવારમાં મળેલા સંબંધોમાં પ્રવૃત્તિમાં, કાર્યોમાં, રાગદ્વેષ મોળા પાડીએ. આપણા પોતાના વિકાસ અર્થે કોઈના પ્રત્યે વેર ન થાય, ઉમળકો પ્રકટે એવી સદ્‌ભાવના પ્રકટે અને એમ કરતાં કેમે કરીને આ સંસારમાંથી આપણી આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલૂપતા ઓછાં થાય અને તે કરવાને અંતરનું બળ જગાડવા ભગવાનના સ્મરણોનો આશરે લઈને અને એમ કરીને જીવની ઉન્નતિ થાય એ સાચો ધર્મ કહેવાય. મળેલા જીવો સાથેના સંબંધોમાં વાતચીતમાં, તટસ્થતા, સમતા કેળવીએ, પ્રપંચથી ના વર્તીએ, આપણો સ્વાર્થ ન રાખીએ, કોઈનું ભલું કેવી રીતે થાય એ રીતે પળેપળ વર્તીએ એનું નામ ધર્મ. ધર્મ એ આચરણની વિધિ છે."** પૂજ્ય શ્રીમોટાની આ ધર્મભાવના વેદ અને ઉપનિષદના ઋષિઓની જેવી વ્યાપક છે. **ધર્મ એ પ્રદર્શનનું, અનુકરણનું કે દેખાદેખીનું સાધન નથી, પરંતુ આચરણની બાબત છે. સત્યમ્ વદ, ધર્મમ્ ચર એટલે કે સત્ય બોલજે અને ધર્મનું આચરણ કરજે એ ભારતીય સંસ્કૃતિનો સમગ્ર માનવજાતને સંદેશો છે.**

શ્રીમોટાએ તેમની વિચારસરણીમાં શુષ્ક જ્ઞાન અને સ્વાર્થી ભક્તિનો વિરોધ કર્યો છે. **પ્રભુને પ્રાપ્ત કરવા માટે કે પોતાના સ્વરૂપની ઓળખ માટે સંસારત્યાગ કરવાની જરૂર નથી.** સંસારમાં પોતાના ભાગે આવેલા કર્મો કરતાં કરતાં કેવી ભાવના ધારણ કરવી તેમજ વખતો-વખત પેદા થતી પરિસ્થિતિમાં વિવેક અને સમજપૂર્વક કેવો વ્યવહાર કરવો તેનું માર્ગદર્શન શ્રીમોટાએ કરાવ્યું છે. તેમનાં અનેક પુસ્તકો પૈકી **'જીવનદર્શન', 'જીવન પરાગ', 'જીવન મંડાણ', 'જીવનસોપાન' પુસ્તકો જિજ્ઞાસુઓને જોઈ જવા ભલામણ કરું છું.**

આ સંસારમાં આપણે રાગદ્વેષથી પ્રેરાઈને વ્યવહાર કરીએ છીએ. આપણને પસંદ ન હોય, જેના પ્રત્યે નફરત હોય એવા પ્રસંગો સતત બન્યા કરવાના. આવા પ્રસંગોએ જ આપણી કસોટી થવાની. તેઓ કહે છે, **"સંસાર વહેવારમાં અનેક પ્રકારના ગમતા, ન ગમતા અને અણગમો ઉપજાવે એવા પ્રસંગો મલ્યા કરવાના અને એમાં આપણી આકરી તાવણી પણ થવાની. એ જો આપણને કઠ્યું, એમાં સંતાપ લાગ્યો કે ક્લેશ ઊપજ્યો કે ચીડ ચઢી કે અકળામણ થઈ કે ગૂંગળામણ થઈ તો જાણવું કે આપણે હજી કાચા છીએ. પ્રસંગ મળતાં જો તેનો હૃદયપૂર્વક પ્રેમશક્તિની ભાવનાથી સ્વીકાર થાય તો એક પ્રકારનો આનંદનો ઉમળકો પ્રકટે છે."**

**શ્રીમોટાની ધર્મભાવનાનું એક મહત્ત્વનું અંગ તે મૌન છે. સંસારમાં આપણે પારાવાર દુઃખનો અનુભવ કરીએ છીએ તેનું એક કારણ આપણામાં વાણીનો સંયમ નથી. વાણીનો સંયમ મૌન દ્વારા કેળવીને આપણી અનેક શક્તિઓને આપણે સન્માર્ગે વાળી શકીએ. લૂલીને વશ રાખવી એ કપરું કામ છે.** સંત પુનિતે એક ભજનમાં ગાયું છે કે લૂલીને વશ રાખો, ભાઈ લૂલીને વશ રાખો. મૌનની સાધના કરવા માટે એમણે નડિયાદ અને રાંદેર (સુરત)માં આશ્રમોની સ્થાપના કરેલી છે. આ આશ્રમોમાં મૌનની સાધના કરનારને પોતાના સ્વરૂપદર્શનની વિવિધ અનુભૂતિઓ થયેલી છે.

મનુષ્ય જીવનનો ઉચ્ચ હેતુ સિદ્ધ કરવા માટે એમણે મૌનની સાથે નામસ્મરણની બાબત પર વિશેષ ભાર મૂક્યો છે. **આપણે ધારીએ તો આ ઉજ્જડ સંસારને વૃંદાવનમાં ફેરવી શકીએ. તેઓ કહે છે કે સંસાર એ મરુભૂમિ નથી, પરંતુ સાધનામય જીવન જીવવાને કાજે તપોમય ભૂમિકા છે. સંસારમાં આપણે વૃંદાવનનો અનુભવ કરવો છે. અને એ વૃંદાવનનો અનુભવ જો આપણે સંસારમાં નહીં કરી શક્યા તો કંઈ અદ્ધર આકાશમાં કરી શકવાના નથી.**

ગુજરાતી ભૂમિનું સદ્‌ભાગ્ય કેં આવી મૂઠી ઊંચેરા માનવી 'મોટા'નું તેમાં અવતરણ થયું...

*સૌજન્ય : (હરિવાણી, સપ્ટેમ્બર-૧૯૯૦ પૃ. ૨૦-૨૧)*

### અંતરાય નિવારણ થી સાચુ સુખ

આપણું જીવન સાંસારિક સુખ માટે નિર્માયું નથી એમ માનવું તે પણ એક લઘુતાગ્રંથિનું પરિણામ છે. સુખ તો નોંખા નોંખા પ્રકારના હોય, ખરેખરું સુખ શામાં છે તે માનવીએ સમજવું જોઈશે. **જેમાં પૂર્વગ્રહો ના હોય, મડાગાંઠો ન હોય, જેમાં અણગમાની વૃત્તિ ના હોય અને રાગદ્વેષ મોળા પડેલા હોય તેને જ એટલે કે તેવી ભાવનાને જ આપણે વળગી રહીએ અને આપણા રોજબરોજના વ્યવહારમાં ધ્યેયના હેતુના જ્ઞાનભાવ સાથે તેનું અનુશીલન-પરિશીલન કરીએ તો તેમાંથી સાચું સુખ નીપજે ખરું.** — 'ધનનો યોગ' (પૂ. ૧૨૭)

## ૧૧. શ્રદ્ધાથી એકાગ્રતા — શ્રીમોટા

**સ્વજન :** આમાં જે શ્રદ્ધા હોય તે પ્રમાણે હંમેશાં થાય એવું ઘણીવાર બને છે, એટલે આમાં આડાઅવળા વિચાર ના આવે ને એકાગ્રતા થાય એની પાછળ શું હશે ?

**શ્રીમોટા :** આપણને કંઈ કશા વિશે પાકી શ્રદ્ધા થાય ત્યારે શું થાય છે કે, **શ્રદ્ધા જાગે ત્યારે આપણા મનનું ફૉર્મેશન (=બંધારણ) એવા પ્રકારનું થઈ જાય કે કોઈ પ્રકારના વિચારો ઊઠે કરે નહિ.** એટલે બીજું ઑબ્જેક્શન (=વાંધો) થાય નહિ. શ્રદ્ધા જે વિષય પર પાકી હોય તે વિષય પણ શ્રદ્ધાને યાદ હોય. ને તે વિષય-**શ્રદ્ધામાં જ્ઞાન રહેલું છે. શ્રદ્ધા, કોરી નથી હોતી, તે જ્ઞાનમૂલક છે.** એટલે જે વિષયમાં આપણે શ્રદ્ધાથી પરોવાઈએ તે વિષયનું જ્ઞાન આપણને આપોઆપ ધીરે ધીરે, એ કામ કરતાં સૂઝે છે. એટલે પૂરેપૂરું કામ કરીએ ત્યાં સુધી શ્રદ્ધા ટકે છે. પછી એ શ્રદ્ધા ટકે નહિ. દા.ત. આપણે બે-પાંચ કામ કરવાં હોય. એક કામ થઈ ગયા પછી એ જ શ્રદ્ધા એ જ એના વાઈબ્રેશન (=આંદોલન) પાછા થોડીવાર પછી એ બીજા કામમાં પરોવાય છે. બાકી ઈન્ટર્વલ (=વચગાળાનો સમય) જે રહે છે તેમાં ભગવાનને પ્રાર્થના કે બીજું કંઈ કરવું પડે. કરવું પડે એટલે જેમ એક કામ પૂરું કર્યું-બીજું કામ પૂરું કરીએ અને નવું કામ કરવાનું હોય તો નવા કામની ઈન્ટ્રોડક્શન (=જાણકારી) વગેરે આપવું પડે. તેવી જ રીતે ભગવાનને પ્રાર્થના કરવી પડે કે **'પ્રભુ, જૂનું કામ પૂરું થયું અને નવું કામ કરવાનું છે. એમાં સાધારણ મને હૈયાસૂઝ છે, પણ મને ઉત્તમ પ્રકારની હૈયાસૂઝ નથી. આ કામ ઉત્તમમાં ઉત્તમ રીતે થાય અને બહુ સરળતાથી થાય અને મારી હૈયાસૂઝ સારી પ્રગટે એવી તું કૃપા કર. અને એવી હૈયાસૂઝ તું મને આપ.'** એવી કંઈક પ્રાર્થના કરીએ તો થોડીવારે આપણને શ્રદ્ધા સ્ફુરે.

હવે આપણને શ્રદ્ધા સ્ફુરે તેની આપણને ખાતરી શી રીતે થાય ? એનો માઈલસ્ટોન (=સીમા ચિહ્ન) કયો ? આપણને કેવી રીતે ખબર પડે કે આ શ્રદ્ધા ઊગી ને ચાલી. આ શ્રદ્ધા જ્યારે ઊગે, જે વિષય પર પ્રાર્થના કરી હોય અને જે વિષય પર શ્રદ્ધા ઊગી હોય તો તેના જ વિચાર આવે. બીજા કોઈ આડાઅવળા, આડાતેડા કોઈ જાતના બીજા કશા વિચાર ના આવે. એકમાં જ તલ્લીન થઈ

જઈએ તેવા પ્રકારની સ્થિતિ થાય. આપણે જીવનમાં જીવતા જ છીએ. સંસાર ચલાવીએ છીએ, વેપારવહેવાર ચલાવીએ, ઍડ્‌મિનિસ્ટ્રેશન (=કારભાર) ચલાવીએ. બીજા કોઈ પ્રૉબ્લેમ (=પ્રશ્ન) આપણને બિલકુલ સ્પર્શે નહિ. એટલા બધા ઍક્યૂટ (=તીવ્ર) હોય પણ તે વખતે આપણને સ્પર્શે નહિ. એમાં ને એમાં જ આપણાથી આપમેળે રહેવાય. નહિતર રહેવાય નહિ. શ્રદ્ધાને કારણે આપણે એમાં ને એમાં રહીએ ને પછી એ કામ ધીરે ધીરે કરીને પૂરું થાય. પછી પેલા બધા પ્રૉબ્લેમ આપણામાં આવે. પણ શ્રદ્ધાથી એ ઊકલે. ના ઊકલે એમ નહિ. એક જ પ્રૅક્ટિકલ (=વહેવારું) બનેલો દાખલો તમને કહું. મહાત્મા ગાંધીજી લાહોરમાં બોલ્યા કે ‘અમે હવે સ્વરાજ લઈને જ જંપીશું. અમને હવે, બ્રિટિશ સરકાર સાથે કોઈ લેવાદેવા નથી.’ જ્યારે એ કામ એમને સોંપ્યું. નહેરુજી, સરદારજી બધાએ કહ્યું, ‘આ લડત તમે ઉપાડો. તમે કહેશો એમ અમે બધા વર્તીશું. અમે સત્યાગ્રહ કરીશું.’ ત્યારે ગાંધીજી પાંચ છ દિવસ સુધી પ્રસૂતાની વેદનામાં હતા. એ બિલકુલ ઊંઘ્યા જ ન હતા. પ્રાર્થના જ કર્યા કરતા હતા. ત્યારે તેમને આ સવાલ દેખાયો. પ્રેરણા થઈ. ‘આ મીઠાનો સત્યાગ્રહ તું કર.’ ત્યાર પછી અમારા આશ્રમના બે જણ આવી શ્રદ્ધાવાળા હતા. કિશોરલાલ અને સુરેન્દ્રજી હતા. બીજા બે-ચાર જણ હતા. સુરેન્દ્રજી હજી જીવે છે. કિશોરલાલ ગુજરી ગયા. લેખક સારા. બહુ શ્રદ્ધાળુ અને ધાર્મિક માણસ. અસલ સ્વામીનારાયણ સંપ્રદાયના. પહેલાં તો માબાપે ‘સ્વામીનારાયણ’ નામ પાડેલું. એમનાં માબાપ અકોલામાં અનાજનો મોટો વેપાર કરતાં. ગોડાઉનમાં મોટી મોટી ગૂણોની મોટી મોટી થપ્પીઓ કરેલી. ત્યાં કિશોરલાલનું ઘનશ્યામભાઈનું ઘોડિયું મૂકેલું. તે પછી ગૂણો કંઈક કશાક કારણથી ગબડી. તે ચારે બાજુએ ગૂણોની થપ્પી વાગી ગઈ. અંદર ઘોડિયું દબાઈ ગયું છે તેની કોઈને ખબર નહિ. અને ખબર પડી એટલે લોકો દોડી આવ્યા. બધું ખસેડ્યું તો ઘોડિયું એમનું એમ અને એ ઘોડિયામાં જીવતા અને હસતા. એટલે એમને વધારે શ્રદ્ધા જાગી ને શ્રીજી મહારાજની પાસે લઈ જઈ ચરણસ્પર્શ કરાવડાવ્યા. અને સ્વામીનારાયણ ધર્મની દીક્ષા અપાવડાવી. એમણે બધો પાકો અભ્યાસ કર્યો. સ્વામીનારાયણ ધર્મનાં શાસ્ત્રો વાંચ્યા. ‘શિક્ષાપત્રી’, ‘વચનામૃત’ વાંચ્યા. જેટલું હતું તેટલું સાહિત્ય પોતે વાંચી ગયા. એમાં જેટલા કન્વિન્સ (=ખાતરી થવી) થવાય તેટલા થયા. જે બુદ્ધિથી ન મનાય તેવું હતું તેના વિશે કોક જાણીતા માણસ પાસેથી સૉલ્યુશન (=ઉકેલ) લઈ લીધું. બહુ ધર્મિષ્ઠ. ધર્મના વિચાર પ્રમાણે વર્તન કરે. બીજી રીતે નહિ. ગાંધીજી ઘણીવાર તેમને પૂછે. કન્સલ્ટ (=પરામર્શ) પણ કરે.

એમ કરતાં કરતાં એમને એક ગુરુનો ભેટો થાય છે. એ હજુ મુંબઈમાં જીવે છે. મહારાષ્ટ્રિયન છે. નામ ભૂલી ગયો. તે ગુરુ મળ્યા. તેમણે કહ્યું, ‘તું આ બધું માને છે, કરે છે તે ફન્ડામેન્ટલ (=મૂળમાં) લો તો સારું છે. ખોટું નહિ. પણ આ બરોબર નહિ. આ બધું જૂનું-પુરાણું છે. સત્ય છે. પણ જૂનું-પુરાણું વેદના કાળનું સત્ય છે ને આજના કાળના સત્યમાં ફેર છે. ધર્મમાં તો ખરું, પણ આજે સ્વામીનારાયણ ધર્મનું જૂની રૂઢિ પ્રમાણે જે બધું માને છે તે બરાબર નહિ.’ તેમ તેમને કન્વિન્સ કર્યા. અને પછીથી એમને છૂટા મૂકી દીધા. એમણે અમુક સૂચના આપેલી કે ‘તારે આ પ્રમાણે વર્તવું.’ એમણે પૂછેલું કે ‘મને લાઈટ દેખાશે ?’ ‘આપણે આવા હોઈએ તો દરેકને લાઈટ દેખાય. આપણાં જ્ઞાન, શ્રદ્ધા, વિશ્વાસ વગેરે ધર્મ પર હોવાં જોઈએ. તો તે આપણને લાઈટ બતાવે છે. આવો ઘણાનો અનુભવ છે. મારો પણ અનુભવ છે અને તને પણ દેખાશે. જા.’ એટલે કિશોરલાલભાઈ આશ્રમમાં રહેતા પણ એકાંતમાં રહેતા અને માગીને જમતા. એમને બેત્રણ વખત લાઈટ દેખાયેલું. લાઈટ એટલે પ્રેરણા, એવા તે કિશોરલાલભાઈ હતા. તે કેટલીકવાર ભૂલથાપ ખાઈ જાય છે. એ એમ કહે છે કે ‘કંઈ વાંધો નહિ-રેલ-બેલ તોડી નાખો. તાર બાર તોડી નાખો. આ કરો તે કરો.’ એમ કિશોરલાલભાઈએ હિંસાનો માર્ગ પણ બતાવ્યો. ગાંધીજી જેલમાંથી બહાર આવ્યા ને તેમને ડીફેન્ડ (=બચાવ્યા) કર્યા. ગાંધીજી કહે કે ‘લશ્કરમાં મોટા મોટા સેનાધિપતિઓ હોય છે તે ઍરર ઑફ જજમેન્ટ (=નિર્ણયમાં ભૂલ) નથી કરતા? તમને જોઈએ એટલા દાખલા ઇતિહાસમાં બતાવું. કિશોરલાલભાઈનું ઍરર ઑફ જજમેન્ટ હતું.’ સરકારને ગાંધીજીએ એવો જવાબ આપેલો. સેનાધિપતિઓ ઍરર ઑફ જજમેન્ટ કરતા હોય તે વાત સાચી, પણ સરકાર કંઈ માને નહિ. છતાં એમને છોડી મૂકેલા.

વાટખર્ચી-શ્રદ્ધા - પ્રથમ આ-પૃ-૩૧-૩૪

હરિઃૐ

**વહાલા સ્વજનો,**

હરિઃૐ આશ્રમ દ્વારા નીચે જણાવેલ નવાં પુસ્તકો પ્રકાશિત થઈ રહ્યાં છે.

(૧) પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈને **'જીવનઅંજલિ', પૃ. ૪૩૨, કિંમત : રૂ.૫૦/-**


આ પુસ્તક શ્રી નંદુભાઈના સાતત્યપૂર્ણ જીવનનો પરિચય કરાવે છે. શ્રી નંદુભાઈના ઊંડાણનો પરિચય જૂજ લોકોને હશે. આ પુસ્તકમાં ભાઈશ્રી નંદુભાઈએ સ્વજનોને પત્રો દ્વારા આપેલી શીખ તેમ જ સ્વજનોને શ્રી નંદુભાઈના માર્ગદર્શનથી જીવનમાં થયેલા અનુભવો એ તમામ વાતોનું દસ્તાવેજીકરણ રજૂ કરવામાં આવ્યું છે. સરળ શબ્દોમાં જીવનના ઘડતરની જે શીખ આપી છે, તેમાંથી શું શીખવાનું છે અને કેવા બનવાનું છે તેનું માર્ગદર્શન આજની અને ભવિષ્યની પેઢીને મળતું રહે એવા શુભ આશયથી આ પુસ્તક સમાજને ચરણે ધરી રહ્યા છીએ.


(૨) સાધનાકાળની પ્રાર્થનાઓ ભાગ : ૧-૨ **'સ્તવનાંજલિ'** અને **'પ્રાર્થનાંજલિ'**


**પૃ. ૩૮૪ + ૩૩૬ = ૭૨૦ કિંમત : રૂ. ૧૦૦/-**

પૂજ્ય શ્રીમોટાએ ભાઈશ્રી નંદુભાઈને ઈ.સ. ૧૯૪૪ના ફેબ્રુઆરી મહિનામાં હિમાલય યાત્રાએ જતાં પહેલા એક પત્ર દ્વારા જણાવેલું કે આપણે હિમાલય યાત્રા કરીને આવ્યા પછી **'સ્તવનાંજલિ'** અને **'પ્રાર્થનાંજલિ'** એ નામે જૂની જૂની સાધનાકાળ દરમિયાનની પ્રાર્થનાઓ બહાર પાડતા જઈશું. પરંતુ કોઈ સંજોગોના કારણે આ કામ લંબાઈ ગયું અને આજે ૮૦ વર્ષ પછી ઈ.સ. ૨૦૨૪માં એ સાકાર થઈ રહ્યું છે. આ પ્રાર્થનાઓ જિજ્ઞાસુ જીવોને સાધનામાં જરૂરી માર્ગદર્શન તથા પ્રેરણાબળ જરૂર પુરું પાડશે. આ બંને પુસ્તકો 'હરિઃૐ આશ્રમ', નડિયાદ અને સુરતમાં ઉપલબ્ધ છે. ઘરે બેઠાં કુરિયર દ્વારા મંગાવવા માટે સુરત આશ્રમના વૉટ્સઅપ નંબર : ૯૭૨૭૭ ૩૩૪૦૦ ઉપર આપનું નામ-સરનામું આપી પુસ્તકો મંગાવી શકાશે.


*'હરિઃૐ આશ્રમ', સુરતના પત્રમાંથી સંકલન*



# હરિઃૐ આશ્રમ, નડીઆદ



- **તા. ૨૨-૦૯-૨૦૨૪, રવિવાર** પૂજ્ય શ્રીમોટા વર્ષ ૧૨૭મો જન્મદિન ઉત્સવ
- **તા. ૧૨-૧૦-૨૦૨૪, શનિવાર** દશેરા - વિજયાદશમી
  સવારે ૮-૩૦ કલાકે ધ્વજારોહણ
  યજમાન : આશરા પરિવાર
- **તા. ૩૧-૧૦-૨૦૨૪, ગુરુવાર** દિવાળી - શારદાપૂજન, ચોપડાપૂજન
  સવારે ૧૨-૩૯ કલાકે આશ્રમમાં ચોપડાપૂજન કરવામાં આવશે. જે સ્વજનોને હાજર રહેવું હોય તો તેની અગાઉથી જાણ કરવા વિનંતી.
- **તા. ૦૨-૧૧-૨૦૨૪, શનિવાર** નૂતન વર્ષ પ્રારંભ (વિક્રમ સંવત ૨૦૮૧ પ્રારંભ)

નોંધ : જે વેપારી/સ્વજનોએ પોતાના ચોપડા પૂજન હરિઃૐ આશ્રમમાં કરાવવું હોય તેઓએ તા. ૨૯-૧૦-૨૦૨૪ ને મંગળવારના રોજ સાંજના ૫-૩૦ સુધીમાં આશ્રમમાં આપી જવા.

**(Printed Matter)**

**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL